श्रीमत

प्रपन्नोंने प्रिय

स्तोत्र रत्नावळी.

"જુદા જુદા રાગનાં એકસોને આઠ પદ."

શ્રી વૈશ્નવોને સારૂ.

રચનાર તથા છપાવી પ્રસિદ્ધ કરનાર.

અનંતપ્રસાદ ત્રીકમલાલ વૈશ્નવ.

અમદાવાદ.

પાનકોરને નાકે ધાંચીની વાડીમાં

"એંગ્લો વર્નાક્યુલર પ્રીન્ટીંગ પ્રેસ"માં

નથુભાઈ રતનચંદ મારફતીયાએ છાપી.

સંવત. ૧૯૫૧

કીંમત બે આના.

श्रीमते रामानुजायनमः

સર્વેશ્વર એકજને તે શ્રીમન્નારાયણ છે. તેની શરણાગતિએ સંસાર સાગર સુખથી તરી જવા સતશાસ્ત્ર સિદ્ધ સર્વોત્તમ ઉપાય છે, ને તે જેમણે સદાચાર્યના સમાશ્રય પ્રતાપે સાધ્યો છે તેમને સમયનો સદુપયોગ કરવા તથા સ્વસંપ્રદાયના અર્થોનું અનુસંધાન રહેવા ઉપયોગી થાય એવી આશાથી આ પદો લખ્યાં છે તે જેણે એ લખાવ્યાં છે તે શ્રીપતિ પોતેજ પૂર્ણ કરશે.

પાટણ નાગરવાડો
કાર્તીક શુદ્ધ ૫ } અનંતપ્રસાદ ત્રીકમલાલ વૈશ્નવ.

સાંકળીયું.

श्रीमतेरामानुजायनमः

स्तोत्र रत्नावळी.

મંગલા ચરણ.

પદ ૧ અભંગ.

નમું સઉલ્લાસ, સદા સુખરાશ, સ્વામી શ્રી નિવાસ, તાતા ચારી. ૧
શ્રીરંગજી વાસ, શ્રીરંગજી તાત, શ્રીરંગજીનાથ, શ્રેયકારી. ૨
કહું જગનાથ, જેને પ્રેમે તાત, એવા વિશ્વખ્યાત, કેરાઅંશી. ૩
શ્રીએ દયાઆણી, કોટી કન્યાદાની, ઠરાવ્યા જે જ્ઞાની તેના વંશી. ૪
સાત્વીક આચાર, સાત્વીક વિચાર, સાત્વિક પ્રચાર કર્તા નિત્યે. ૫
આવ્યહિતકારી, સુરી અવતારી, તાર્યાં નરનારી, શાસ્ત્ર રીતે. ૬
કુળનો ઊગારી, સુરકારે સુધારી, લીધો છે સ્વીકારી દીનદાસ. ૭
ગાટે વારંવાર, સ્મરી ઉપકાર, કરૂં નમસ્કાર, ચર્ણુ પાસ. ૮

પદ ૨ અભંગ.

જય ભાષ્યકાર, શેષ અવતાર, સ્વામી સુખકાર, લક્ષ્મણાર્ય. ૧
વૈકુંઠ વિહારી, કૃપા કરી ભારી, થયા તનધારી, શ્રી આચાર્ય ૨
બે વિભૂતિ નાથ, ગુણો છે અગાધ, મંગલ ગંનાથ, રંગ ધામી. ૩
કષાય અંબર, ત્રિદંડ છે કર, જયયતિશ્વર, પ્યારા સ્વામી. ૪
કલાંતગ ભાન, દીવ્ય બલજ્ઞાન, વિજયી મહાન, દેશો દેશ. ૫
પરમ પુનિત, તારે છે પતિત, કૃપાપૂર્ણ ચિત્ત, સૌમ્યવેશ. ૬

શેષ સુખ ધામ, શ્રી લક્ષ્મણ નામ, તમે બળરામ, રામાનુજા. ૭
જોડી બેઉ હાથ, નમુ કૃપાનાથ, એજ અનુતાત માનો પુજા. ૮

પદ ૩ અભંગ.

જય હો નમામી, શઠ કોપ સ્વામી, પરાંકુશ નામી, આદી ત્રાતા. ૧
આંબલીને વેશ, છત્ર ધરે શેષ, ખ્યાતિ દેશોદેશ, મુક્તિ દાતા. ૨
બકુલા ભરણ, જગદા ભરણ, સુખદા શરણ, સૌના સ્નેહી ૩
તમે કુલનાથ, તમે કુલ તાત, તમે છો સાક્ષાત, દીવ્ય દેહી. ૪
તમે વેદ વાણી, દ્રાવીડમાં આણી, સુણી બહુ પ્રાણી, મુક્તિ પામ્યાં. ૫
ગીતિઓ સહસ્ર, વિશ્વમાં પ્રશસ્ત, કુતર્કો સમસ્ત એથી વાંમ્યા. ૬
પાદુકા સ્વરૂપ, ગણે જગ ભૂપ, યતીશ અનુપ, માને સ્વામી. ૭
એના દીન બંધુ, ધન્ય કૃપા સિંધુ, અનંત હું વંદુ, શીશ નામી. ૮

પદ ૪ અભંગ.

મંગલ નિધાન, શ્રી દેવી શ્રીમાન, સ્વપતિ સમાન, પાટરાણી. ૧
શ્રેયનીજ વાત, સહુ તારે હાથ, જગતની ગાત, સાચી જાણી. ૨
દેવીઓ તમામ, સેવે આઠું જામ, પામે ધન ધામ, તુંથી દાડી ૩
નારીમય જે જે, જગપ્રતિ છે તે, વિભૂતિ બધીઓ, તારી માડી. ૪
કમલ આસન, કમલ નયન, કમલનું વન, ભૂમી પ્યારી. ૫
કમલ કરે બે, સદા એ ધરે છે, કમલા કહે છે, નરનારી. ૬
કનક વરણ, દિવ્ય આભુષણ, તારણ તરણ, તું અગારી. ૭
કમલ ચરણ, ગણીને શરણ, અનંત અનન્ય, જાણી વારી. ૮

પદ ૫ અભંગ.

લક્ષ્મી નારાયણ, શ્રીપતિ શ્રીમન, દિવ્ય દયા ધન, સુધા સિંધુ. ૧
પરમ દયાલ, ભક્ત પ્રતિપાલ, અસુરના કાલ, દીનબંધુ. ૨
ક્ષીર નિધી વાસી, ઈશ અવિનાશી, સદા સુખ રાશી, નિર્વિકારી. ૩
તમે માત તાત, સુહૃદનેં ભ્રાત; ગુણોછે અગાધ, શ્રેયકારી. ૪
સુમંગલકારી, શંખ ચક્ર ધારી; વૈકુંઠ વિહારી, મૂક્તિદાતા. ૫
ખોળે રમા પ્યારી, છબી મનહારી; જય હો મુરારી, સ્વામી ત્રાતા. ૬
ઉજ્વલ વરણ, કમલ ચરણ, અચલ શરણ પ્યારૂં મારૂં. ૭
નીરખી વદન, કરીને નમન; અનુતન મન પ્રેમે વારૂં. ૮

પદ ૬ અભંગ.

લક્ષ્મી નારાયણ, શ્રીપતિ શ્રીમન; કરીએ સ્તવન, દાસો દારી. ૧
તમે માત તાત, તમે ખરા નાથ; કૃપાળુ અગાધ, સુખ રાશી. ૨
ઉગ્ર કલી કાલ, તેમાં ફસ્યાં બાલ; રાખજો સંભાલ, સ્નેહે સદા. ૩
જોર છે માયાનું, જોર છે કાયાનું; પાપે ફસાયાનું, કષ્ટ તથા. ૪
પળે નહીં નીતિ, રહે નહીં ભીતી, જગતની પ્રીતીમાં છું લીન. ૫
નથી સારી મતી, નથી સારી કૃતિ; ભક્તિ નથી થતી છીએ દીન. ૬
કરો સદ્ય સ્હાય, મોહ દુર જાય; સેવા ચિત્ત ચાહ્ય, સાચે પ્રેમે. ૭
રહો સદા પાસ, જેથી અનુદાસ; વૈકુંઠનો વાસ, પામે ક્ષેમે. ૮

પદ ૭ હીંડી.

લક્ષ્મી નારાયણ પ્રભુ પૂર્ણ કામી, દયાનીધી દેવ દેવ વિશ્વ સ્વામી;

શ્રેય ગુણો રૂપ અમૃતના સિંધુ. ચરણ પંક જે પ્રણામ દીનબંધુ. ૧
આદિ પુરૂષ તમે જગના કરતાછો, પ્રાણીમાત્ર તણા આપજ ભરતાછે;
પ્રલય સમય તમે હરતા મહારાજા, કૃપા કરી તેજ સનમુખે બીરાજ્યા. ૨
તમે સહુના આધાર નીરાધારા, સકળ જગત આ તમે ચલાવનારા;
ઈંદ્ર રૂદ્ર દેવ નોકરો તમારા, મળયા તેજ મને દીવ્ય ગુરૂ દ્વારા. ૩
સકળ શાસ્ત્ર વદે તમારીજ ખ્યાતિ, યોગી ધરે આપ સારૂજ સમાધી;
મુનિ સ્મરે આપનેજ દિવસ રાતી, છબી તેજ આજ સનમુખ જણાતી.૪
કયહાં આપ કોટી અંડપતી દેવા, કયહાં અમે અણુ તુચ્છ કીટ જેવા;
મળયા કૃપાથીજ કૃપા તણા ધામ, અનુ ફરી ફરીને કરૂં પ્રણામ. ૫

પદ ૮ દીઠી.

ધન્ય શ્રેય નીધી મૂર્તિમાંન ત્રાતા, ધન્ય દયા નીધી મૂર્તીમાન માતા;
મળ્યાં આજ આહીં સંગ એક પ્યારાં, હવે ઊરથી નવ થશો ક્ષણે ન્યારાં.૧
તમે સીતારામ અમારાં કૃપાળુ, તમે કૃષ્ણ રૂકમણી મહા દયાળુ;
તમે શ્રીવૈકુંઠનાં ભૂપરાણી, નમું વારવાર પરમ પ્રેમ આણી. ૨
તમે સકળ જગત તણાં પીતુમાતા, પીતામાત ખાસ દાસતણાં ત્રાતા;
બન્ને વ્યાપક જે વેદમાં ગણાયાં, તેજ કૃપા કરી મૂર્તીમાં જણાયાં. ૩
અમે જાણીએ ન ધ્યાનકે સમાધી, આશ રાખીએ આપનીજ બાંધી;
આ સ્વરૂપથીજ બધું પામતું છે, અંત એજ ચરણમાં વિરામતું છે. ૪
ખરો પ્રેમ તમે ઊરમાં પ્રકટાવો, ખરો સ્નેહ આપ અમને જણાવો;
હસો વસો સંગ લ્યોને લ્હાવો, અનુપતિ આપ ઉપર છે દાવો. ૫

પદ ૯ હીંડી.

લક્ષ્મી નારાયણ કોટી જગ સ્વામી, નથી આપને કશીજ કદી ખામી;
સ્વતઃસુખી પુર્ણ ધામ છે તમારૂં, પ્રકટ થયા આપ કેવળ અમ સારૂ. ૧
જીવ માત્રને તમેજ બધું ધોછો, દીવ્ય કોટી ભોગ સદા ભોગવોછો;
છતાં પત્ર પુષ્પ પ્રેમનો સ્વીકારો, એ અલૌકીક ઉપકાર છે તમારો. ૨
તમે જડચરમાં સહુ સ્થળે વસોછો, ચાંહો ત્યાં તદાજ પ્રકટ થઈ શકોછો;
તેમ પ્રકટ થયા આંહીં મૂર્તી માંહીં, માત્ર શરણોનું શ્રેય ચિત્ત ચાહી. ૩
છો સ્વાતંત્ર નથી લાલચ ભય લેશે, છતાં ભક્તિથી વશ થતા હમેશે;
ભૂખ્યા પ્રેમનાજ સર્વદા રહોછો, દયાથીજ લાભ જગ જનને ધોછો. ૪
પ્રેમ દયા હવે તે અહીં જણાવો ત્રિવિધ સેવ તણો ધો પૂરણ લ્હાવો;
જેમ દીધો તમે ધડીક સ્વાદ આહાવો, તેમ સર્વદા અનંતને નિભાવો. ૫

પદ ૧૦ હીંડી.

સત્યએક ઇશ કોટી વિશ્વ સ્વામી, તે શ્રીનારાયણ પ્રભુ પૂર્ણ કામી;
સર્વ સંપ્રદાય સતા એ સ્વીકારે, તેજ ઇષ્ટ પૂજ્ય દેવ છે અમારે. ૧
એક ઇશનીજ ભક્તિ થાય પ્રીતે, એજ શાસ્ત્રસાર સુજ્ઞ કહે નિત્યે;
તેજ ચહુ અમે ચરણ શરણ ચિતે, સેવમાંહે ભલે હમર સર્વ વિતે. ૨
અન્ય દેવ એજ દેવતણા દાસ, અન્ય ધર્મ કર્મ અલ્પ ભક્તી પાસ;
અન્ય ફળો અલ્પ ફળ શ્રીવર ધામ, સુખાસીંધુ કરે શ્રુતિ શીરે પ્રકાશ. ૩
યજ્ઞ બ્રહ્મા નિત કરે એજ સારૂં, ધ્યાન ધરે મહાદેવ એજ પ્યારૂં;
યોગી સનકાદીક એજ ચિતે ચાહે, વ્યાસ વાલ્મીકાદિ એના ગુણ ગાય. ૪
શાસ્ત્ર સકળ ભર્યા એ ગુણો ગણાવા, ભક્તમાળ ભરીઓ ગુણો જણાવા;
બ્રહ્મવિદ્યા પણ ધ્યેય જે બતાવે, તેજ અનંતને ઊર અખંડ ભાવે. ૫

પદ ૧૧ ગરબી.

"મારે ઘેર આવો" એ રાગ.

પ્રેમે પ્રભુ નમીએ શ્રીગત ચરણે, રહીએ છીએ સુખથી તારે શરણે. પ્રેમે.ટેક
જગતપતિ નગવું તનેજ ઘટે, માલીક મુકી બીજાને મુખ ૨ટે. પ્રેમે. ૧
સદા સઘળું તુજથી પાંમ્યાં, વંદન વિણ શું કરીએ રહાગા. પ્રેમે. ૨
તારે હાથ છે સઘળું હજીએ, તેને કેમ ભાવેથી નવ ભજીએ. પ્રેમે. ૩
સ્વભાવિક સ્વામી આમારો તું, વિના સ્વાર્થ હિત કરનારો તું. પ્રેમે. ૪
સાચા સંગી અંતે આશા તારી, અનંત હું જાઉંછું બલીહારી. પ્રેમે. ૫

પદ ૧૨ ગરબી.

ઉપરના રાગની.

પ્રેમે કરૂં વંદન શ્રીમાડી, સાચી તારી કરૂણા દીસે હહાડી. પ્રેમે ટેક.
જગતપતિ કેરી પટરાણી, વેદાંતમાં વિશ્વમાં વખણાણી. પ્રેમે. ૧
સરવ દેવીઓ તણી તું દેવી, ઉમા સવિતા એ તને સેવી. પ્રેમે. ૨
તારી કૃપા દેવ નૃપો ચાહે, પ્રભુ પણ તુજ વશ કહેવાએ. પ્રેમે. ૩
મંગલ-કરૂણા-મૂર્તી માતા, સરવ શીશુને નિત સુખદાતા. પ્રેમે. ૪
અનંતનું શરણું સરવ રીતે, નમું વારંવાર પૂરણ પ્રીતે. પ્રેમે. ૫

પદ ૧૩ ગરબી.

રાગ ઉપરનો.

સાચો ધણી આર્યો અમે શ્રીપતિ, તારા તુલ્ય કોઇ નથીજ નથી. સા.ટેક
જીવો તણું જીવન તું સ્વામી, પ્રેમક સહુનો અંતરયામી. સાચો. ૧

બ્રહ્મા શીવ કોટી અંડોમાંહે, થયા ગયા તુજથી નભ્યાં જાય. સા. ૨
થયું થવું સરવે તુંથી છે, તને તજી શીદ જઇએ બીજે. સાચો. ૩
તારા સમ કોઇ ન કરૂણાળુ, દાતા તુજ સમ કોઇ નથ વ્હાલું. સા. ૪
સાચો સગો અંતનો તુ બેલી, જાળવજે અનંતની પળ છેલી. સાચો. ૫

પદ ૧૪ ગરબી.

રાગ ઉપરનો.

પ્રભુ મને પલકે વીસરશોમાં, દોષો મ્હારા દીલમાંહે ધરશોમાં. પ્રભુ. ટેક
ભૂલ્યો હું તો તમને અનાદિથી, નથી મારી હજીએ પાકી પ્રીતિ. પ્રભુ. ૧
ગટ્યો નથી મોહ જગત કેરો, માટે તમે ઊરમાં પ્રગટ ઠેરો. પ્રભુ. ૨
હાકો મારો મનરૂપી રથ શ્રીહરી, માગી લઊ છઊં એ વીનંતી કરી. પ્ર. ૩
પાડો મારૂ ઠેકાણું વ્હાલા, કાઢ્યા કાઢું છું હું દીવસ હાલા પ્રભુ. ૪
આવીને મૃત્યુ તો ઉભૂં રહેશે, પ્યારા પછી અંતુ ક્યાંથી કહેસે. પ્ર. ૫

પદ ૧૫ ગરબા.

"ઓરો આવને" એ રાગ.

પ્રેમે તમને સંભારીએ શ્રીપતીજો,
નથી બીજી અમારી કશી ગતીજો. પ્રેમે. ટેક
માત તાત સગાં સ્નેહી કઇ મુંકી ગયાજો,
અમે તેમના ન તેઊ અમારા થયા જો. પ્રેમે ૧
ગયું આવ્યું ઘણું એ ધન હાથથી જો,
સુખ નાકી ન મળ્યું કોઈ વાતથી જો. પ્રેમે. ૩
અંત અહીંનું બધુંએ છેક છોડવું જો,

વૃથા એ માંહે વ્હાલ શીદ જોડવું જો. પ્રેમે. ૩
દૂખી સુખી થવું હાથમાં કશું નથી જો,
આપ વિના કોઇનું ન ચાલતું રતી જો.. પ્રેમે. ૪
અનું તેથી શરણે થયાં હારીને,
દયાનીધી લેજો દયાથી ઊગારીને જો. પ્રેમે. ૫

પદ ૧૬ ગરબી.

"રાંગ ઉપરનો.

માત્ર શરણે તમારે છીએ શ્રીપતિજો,
બીજુ કશુએ અમે તો સમજતા નથી જો. ટેક
બીજા દેવ દેવીઓને ન પીછાણીએ જો,
બીજાં ધર્મ કર્મ કશાંએ ન જાણીએ જો. માત. ૧
બીજાં સુખો સ્વાદ કશાંએ ન માગીએ જો.
તને ચાહી તારે કાજ પગે લાગીએ જો. માત્ર. ૨
રાખી સકીએ ન સારી કૃતિકે ગતિજો,
નથી તું વિના અમારી કોઇએ ગતિજો. માત્ર. ૩
નથી કહેતાં એ આવડતું કેશવાજો,
ચિત્ત ચહીએ સદૈવ તમારાં થવ જો. માત્ર. ૪
નમી વિનવી ભરોસો ધરી રાખીએ જો,
અનુશીશ પદ્મપાદ માંહી નાંખીએ જો. માત્ર. ૫

પદ ૧૭ ગરબી.

રાગ એજ.

પ્રભુ તમને ઓળખ્યાંથી ઉમંગ છે જો,
દીઠા જગના તો ઘડા નકે ઢંગ છે જો. પ્રભુ. ટેક.
પ્રીત જગ જનની આખરે ન કામ છે જો,
આપનીજ ઉરે ખરેખરી હામ છે જો. પ્રભુ. ૧
સ્વાદ જગનો ક્ષણિક અંતે છોડવો જો,
સ્વાદ તુજમાં અખૂટને સદા નવો જો. પ્રભુ. ૨
સ્વાર્થી સકળ વિશ્વ સ્વાર્થેજ ચાલે છે જો,
વિના સ્વાર્થ માત્ર તારી સત્ય રહાય છે જો. પ્રભુ ૩
પાપને વધારનાર સરવ સાથ છે જો,
પાપ કાપનાર તુંજ કૃપા નાથજો. પ્રભુ. ૪
છેહ નદે કદી અંતતુ અનુપતિ જો,
માટે તારી સ્વીકારી શરણા ગતિ જો. પ્રભુ. ૫

પદ ૧૮ ગરબી.

રાગ એજ.

કર્યાં સાચાં સભાગી અમને હરી જો,
પદે નમીએ એ કૃપાને સમરી સમરી જો. કર્યાં. ટેક.
પુરા પુન્યવિના વૈશ્નવતાના અજો,
એજ આપે ઉપજાવી છે કૃપા અજો. કર્યાં. ૧
સદા ચાર્યનો સંબંધ સહજમાં નથી જો,

આમે પામ્યા તે એષ્ટ શાસ્ત્ર રીતથી જો. કર્યા. ૨
હામ હામે આથડયા થકી ભીગર્યા જો,
પુજે આજ શીવને પાદમાં સુખે રહ્યાં જો. કર્યા. ૩
જોગ જાગ તીર્થ તપે જેન સાંપડે જો,
તેજ સહજ સ્મરણ થકી હૃદયમાં જડે જો. કર્યા. ૪
અંત દેવ મુની સિદ્ધ ચહેજે ગતિ જો,
તે આપાવશો અનંતને કૃપા કીધી જો. કર્યા. ૫

પદ ૧૯ ગરબી.

"મોહન માગ્યોહે" એ રાગની.

આનંદે રહીએ, તારી ઓથે આનંદે રહીએ;
હરી ગાત્ર તને ચહીએ, તારી ઓથે આનંદે રહીએ. ટેક.
જયાં જઇએ ત્યાં તું રહે હાજ, આવી વરયો હઇએ. તારી ઓથે. ૧
દુખ આપે તે પણ સુખ થાવા, તેથી હોશે સહીએ તારી ઓથે. ૨
ગાનામાં આવે ત્યાં તુ જાણે, શીદ મુખથી કહીએ. તારી ઓથે. ૩
સુખ, સનમાન, સગુણ ભગાતુ દે, "હુંપદ" નવ ગ્રહીએ તારી ઓથે. ૪
અંત અનંત પતિ ગણીશ તું; એથી તુષ્ટ છઇએ. તારી ઓથે. ૫

પદ. ૨૦ ગરબી.

રાગ ઉપરનો.

ચાર દીવસમાં શું જગતમાં ચાર દિવસમાં શું.
અંતે વૈકુંઠે જશું જગતમાં ચાર દિવસમાં શું. ટેક.
ક્ષણિક ભોગ સુખછો ન સાંપડે, નિત્યે ત્યાં સુખીયાં થશું. જગતમાં ૧

હાડ માંસની દેહે મેહરો, દીવ્ય દેહે વસશું જગતમાં. ૨
જુઠી જગની પ્રીત ન જોઇએ, પ્રભુને નહીં તજશું. જગતમાં. ૩
ગોત એજ બારણું ત્યાં જવા, સુખે તેમાં ધસશુ. જગતમાં. ૪
અનંત પ્રભુ પંથમાં વિચરતાં, જોર પડે ન કશું. જગતમાં. ૫

પદ ૨૧ ગરબી.

ઉપરના રાગની.

રહીએ વિશ્વાશે, રમાપતિ રહીએ વિશ્વાસે;
નિત્યે તારી આશે, રમાપતી રહીએ વિશ્વાસે. ટેક.
તું કરીશ તે સારૂજ ઠરશે, પથગ ન સમજાશે. રમાવર. ૧
જગત બધું જખ માર્યા કરશે, તારૂ ચહ્યું થાશે. રમાવર. ૨
શરણોનાં રારવે વિધ્ન સંકટ, અંતે જરૂર જાશે. રમાવર. ૩
દેવ દેવી નર સહુ તુજ વશમાં, ડરીએ કોને ત્રાસે. રમાવર ૪
અંત અનુને તેડાવી લઇ રાખીશ પદ પાસે. રમાવર. ૫

પદ ૨૨ ગરબી.

એજ રાગની.

દુખી ગરીબ નથી, હવે અમે દુખી ગરીબ નથી;
પામ્યાં તને શ્રીપતિ હવે અમે દુખી ગરીબ નથી. ટેક.
જગ જન દીન દુખી જાણે પણ, ચાહે છે જગત પતિ હવે અમે ૧
ધન સાધન નથી હાથ સરસ પણ, આત ઠર્યા શ્રીસતી હવે અમે. ૨
ગ્યાન ભક્તિ સાધ્યાં નથી તોપણ, રક્ષક જોગી પતી. હવે અમે. ૩

જગમાં વગ જબરાંની નથી ગણુ, વગ સાંસ્યાગીની ચંથી. હવે આમે. ૪
રંક અનુપણું અંતે પામશી, અજથી ત્યાં ઊંચી ગતિ. હવે આમે. ૫

પદ ૨૩ ગરબી.

એજ રાગની.

ફિકર હવે ન રહી આમારે, ફિકર હવે ન રહી;
હરીની ઓથ ગ્રહી આમારે, ફિકર હવે ન રહી. ટેક.
જે સહુ જગનું રાજ્ય ચલાવે, તેની કૃપાજ થઇ. આમારે. ૧
જે સહુ જગના મનના માલીક, તેને વિનંતી કહી. આમારે. ૨
જેને સેવી થયા ઇંદ્ર અજ, તેની સેવા ચહી. આમારે. ૩
શરણુ થતાંજ મુક્તિ દે તેના—પદમાં પડ્યાં જઇ. આમારે. ૪
અનંત શ્રેય આમારૂં કરશે, એ આંહીને તહીં. આમારે. ૫

પદ ૨૪ ગરબી.

(સમજી ગઇ છું) એ રાગ.

તારા વિના રમાવર સાચું સ્નેહી કોઇ નથી રે, જોયું જગપ્રતીરે. તારા. ટેક.
સગાં સબંધી તેનો તનનાં, ઓળખીતાં સૌ સાધનનાં;
શરીર તજતાં તજે, ફરી ન મળે કદીરે. તારા વિના રમાવર. ૧
સાચી પ્રીત કદી કોઇ ધારે, તે પણ આવી ન સકે હારે;
લાચારે પગ છોડે અંતે એક દી રે. તારા વિના રમાવર. ૨
રાગ દ્વેષ કરે છે જે જન, તવ આધીન તે સરવેનાં મન;
તું નવ ચાહે તો ન ચાહે કોઇએ રતીરે. તારા વિના રમાવર. ૩
જગમાં જ્યાં જ્યાં પ્રીતિ દેખું, તે પણ તવ કરૂણા ફળ લેખું;

પ્રીતી પાત્ર છે માત્ર તેથી તું અનુપતિ રે. તારા વિના રગાવર. ૪

પદ ૨૫ ગરબી.

ઉપરના રાગની.

મારે તો જે માનું તે તુંછે હે શ્રીપતિરે, દેવ દયાનીધીરે. મારે. ટેક.
સાચો પીતા પતિ પ્રભુ મ્હારો, સ્વાર્થ વિનાજ સદા ચાહનારો;
ઓપ વસીલો તારો છે જગની પ્રતીરે. મારે તો જે માનું. ૧
દેવ તીર્થ જપ તપ તું મ્હારે, અમૃત-અખૂટ ખજાનો ભારે;
ભોગ્ય તુંજને ઉપાય તુજ શરણાગતિરે. મારે તો જે માનું. ૨
સહુ સંકટનો ઉપાય એકજ, સહુ સુખનો દેનારો છેકજ;
ભારી મંગલકારી તારી સહુ કૃતિ રે. મારે તો જે માનું. ૩
સર્વ સ્થાનમાં ને સહુ કાળે, મસ્ત રાખજે મ્હારે ખ્યાલે;
બની રાખજે શ્રદ્ધામય સાત્વિક મતિ રે. મારે તો જે માનું. ૪
આનંત એ માગું કરજોડી, ક્ષણે જીવું નહી તુજને છોડી;
રૂપ સ્વરૂપ-વિભવ ગુણ અનુભવું અતિ રે. મારે તો જે માનું. ૫

પદ ૨૬ ગરબી.

એજ રાગની.

માલીક મ્હારા જગદાધારા કેમ ભુલું તનેરે સમરૂં ક્ષણે ક્ષણેરે. માલીક. ટેક.
તે મુજને દીધું આ તન છે, તેજ દીધાં ધનને સાધન છે;
તું પાળે ને સાંભળે નીશદિન મને રે. માલીક મ્હારા. ૧
સારાં કૃત્યો તુંજ કરાવે, કુકર્મ કરતાં તું અટકાવે;
રક્ષણ કરવા સદા વસે મારી કને. માલીક મ્હારા. ૨

જગમાં સુખ જેજે જન દે છે, તેમાં તારો હાથ બધે છે;
સારૂં ગારૂં સમસ્ત તારાથી બને રે. ગાલીક મ્હારા. ૩
વાંકો મ્હારા નવ ઊર ધારે, લાડ લડાવે પીતુ સમ પ્યારે;
દુખમાં ધાનો તું વ્હારે સતાર મને. ગાલીક મ્હારા. ૪
ધણો નિભાવ્યો તેમ નીભાવીશ, અંતે નિજ સ્થાને તેડાવીશ;
નિશ્ચય છે એવો ઊર ગાઢ અનંતને. માલીક મ્હારા. ૫

પદ. ૨૭

રાગ એજ ગરબીનો.

મારી ગરજીને મજબુતી આપો શ્રીપતિરે ચળે નહી મતિ રે. મ્હારી.ટેક.
સદા આપને ઊર સંભારૂં, આશા માત્ર આપની ધારૂં;
છેક વિસારૂ જગ સુખ દુખ કેરી મતી રે. મારી મરજીને. ૧
કુસંગ માંહી ભળુ નહીં કમે, ફસું નહીં જગ વિશયીક પ્રેમે;
ક્ષેમે ભક્તિ કર્યાજ જાણી ઉમંગથી રે. મારી મરજીને. ૨
ઊઠે વાસના ન સકું રોકી, વ્હાર કરો તવ પુણ્ય શ્લોકી
તે દાબિ દઈ ન થવા દયો કુડી કૃતિ રે. મારી મરજી ૩
શદ બોધો સહુ ભાત અપાવો, અનુભવમાં સરવે ઉતરાવો;
લ્હાવો દયો સાચી કરાવી શરણાગતિરે. મારી મરજી. ૪
ધ્યાન કરૂં તારૂં દીન રાતે, ગુણો સ્મરૂં ઊર ભરૂં આલ્હાદે;
અનંત સાથે વશો રમો ચાવા પતિરે. મારી મરજીને ૫

પદ ૨૮

રાગ ઊપરની ગરબીનો.

અંત સમય અલબેલા કરૂણા અગપર લાવજો દયા જગાવજોરે. અંત ટેક

તનની પીડા દુઃસહ થાશે, મન આકુલ વ્યાકુલ ઘભરાશે;
ભાંન તદા ઠેકાણે આપ રખાવજોરે. અંત સમય. ૧
મોહ જગતનો સરવ નસાડી, ભક્તિ જ્ઞાન પ્રપૂર્ણ જગાડી,
અંતરમાં અજવાળાં આપ કરાવજો રે. અંત સમય. ૨
દીવ્ય મુર્તી મંગલ મન હારી, દુખહારી સુખકારી પ્યારી;
કામણગારી મુજને તદા બતાવજોરે. અંત સમય. ૩
સુખથી આ તનમાંથી કાઢી, પરમ પદે હે ઝટ પહોંચાડી;
અનુને લેવા એવા દાસ પઠાવજોરે. અંત સમય. ૪

પદ ૨૯ મરબી.

"પ્રભુ ખબર અમારી" એ રાગની.

પ્રભુ તારે ભરોંસે પડ્યા છીએરે,
અમે દૂખીયા બાળકો કૃપાનાથ જગત તાત,
તારે ભરોંશે પડયાં છીએરે ટેક
ભલું પોતાનું પણ સમજાતા નથીરે,
રહીએ માયાથી મૂઢ દિન રાત. કૃપાનાથ તારે. ૧
આંખા ભવ માહે સાચું સગું કો નથીરે,
નીરાધાર રાંક જીવ ભાથી જાત. કૃપાનાથ તારે. ૨
ધર્મ કર્મ કલી માંહી કર્યા ચકી જાણેરે,
વધે પાપો અમાપ ભાત ભાત. કૃપાનાથ તારે ૩
થીર જોખમનો આગણીત છે શ્રીપતિરે,
તને વળગ્યાં-છે એટલીજ વાત. કૃપાનાથ તારે ૪

અનુ અંતે ઉગારીશ એ આશ છેરે,
તોયે કરગર કરીએ જોડી હાથ. કૃપાનાથ તારે ૫

પદ ૩૦

રાગ ઊપરનો.

પ્રભુ બાંહે અગાળી અહી ગ્રાખજો,
ભૂલાં પડીએ ઘડી ઘડી બાળ હે કૃપાળ. બાંહે. ટેક.
જ્ઞાન ભક્તિ અંગારાં તો છે નામનાંરે,
છીએ કપટી કુશીલને વાચાલ. હે કૃપાલ. ૧
ભુંડી ટેવો બહુ પડી છે અનાદિથીરે,
નથી આમથી ટળવી કોઈ કાલ. હે કૃપાલ. ૨
વૃથા લાલચને લાગે ભાન ભૂલીએરે,
દુખે ફરીએ હાથેથી ગુંથી જાળ. હે કૃપાલ. ૩
તમે પરાંણે ચલાવજો સુપંથમાં રે,
વળી રાખજો પળે પળે સંભાળ. હે કૃપાલ. ૪
પતી પીતા માની અનુ આવું માગીએ રે,
છીએ આપનીજ પ્રજા અને બાલ. હે કૃપાલ. ૫

પદ ૩૧ ગરબી.

"રઘુપતી રામ" એ રાગ.

પ્રભુ મ્હારૂં પારખું કદીએ ન જોશોરે, એથી બધશે મારા માઠા દોષો. ટેક
મારી પ્રીત પીતળ જેવી જાણોરે, જ્યાં હું જરીએ તાપથી તવાંણોરે;
પુરો સ્વારથી જાણો જણાણો. પ્રભુ મ્હારૂં પારખું. ૧

ભજુ ભીતર જગ સુખ સારૂં રે, પ્રેમ પડનો ઉપરનું છે મ્હારૂં રે
દુખ અડતાં થતું ઝટ ન્યારૂં, પ્રભુ મ્હારૂં પારખું. ૨
છું વાચાળ તે બહુ બહુ ભાખું, પદમાંહે પાંડીત્ય હું દાખું રે;
દાગ કર્મ કર્યાની ન રાખું. પ્રભુ મ્હારૂં પારખું. ૩
પરતંત્ર સુખે કહું રહેવું, પણ દુખ ન ગમે જરી સહેવું રે;
પરતંત્ર પણું મ્હારૂં એવું. પ્રભુ મ્હારૂં પારખું. ૪
સુખમાં કદી હાસત ધરતોરે, દુખમાં તો મ્હારૂં મ્તારૂં કરતોરે;
અનુ માટે પરિક્ષાથી ડરતો પ્રભુ મ્હારૂં. ૫

પદ ૩૨ ગરબી.

રાગ ઉપરનો.

પ્રભુ પાકી પ્રીત નથી થઇ મ્હારીરે, અનુભવથી જોયું એ વિચારી. પ્રભુ. ટેક
સુખ આપો જ્યારે સહુ વાને, ત્યારે પ્રીત રહે તમ સાથેરે;
એ જણાય જરી દુખ જાતે. પ્રભુ પાકી. ૧
મોહ જગ સુખનો નવ છુટેરે, તેથી પ્રેમ ઝરણું ઝટ ખૂટેરે;
ગને ગાથા વારે વારે લૂટે. પ્રભુ પાકી પ્રીત. ૨
જરામાંજ જાણીછું હું હારી, થાય સરવ વાતેથી લાચારીરે;
તારી પ્રીતી તણોછું ભીખારી. પ્રભુ પાકી પ્રીત. ૩
મારી કૃતીયો કૃપાળ સુધારો, કરો આપ મને નિજ પ્યારોરે;
પ્રીતી અંતુના ઊરમાં ઊનારો. પ્રભુ પાકી પ્રીત. ૪

પદ ૩૩ ગરબી.

ઉપરના રાગની.

પ્રભુ મને મોતનો ભય રહે ભારેરે, આપ વિણ નહીં કોઇ નિવારે પ્રભુ. ટેક

અંગે રોગ જરી વધુ થાયરે, મૃત્યુ ત્યાં સનમુખ દેખાયરે;
જીવ વિકળ બની ધબરાય પ્રભુ મને મોત. ૨
ગામમાંહે મહા રોગ આવેરે, ત્યાં તો ભય ભારે ભડકાવેરે;
એવો ડરકુ શું મૃત્યુથી ફાવે. પ્રભુ મને. ૨
સાજા શરીરે વૈરાગ્ય દેખાતોરે, રોગ થતાં રહે ઝટ જાતો;
સાચું કહુંછું સ્વામી શરમાતો. પ્રભુ મને. ૩
હજી વ્હાલી ધણીજકે કાયારે, ઓછી થઈ નથી જરીએ ગાયારે;
તે માટે વિનવું જગરાયા. પ્રભુ મને. ૪
મોહ ધીરે ધીરે તમે હરજોરે, સાચો વૈરાગ્ય ઊરમાં ભરજોરે;
અનુને અંતે નિર્ભય કરજો. પ્રભુ મને મૃત્યુનો ભય છે ભારેરે. ૫

પદ ૩૪ ગરબી.

રાગ ઉપર પ્રમાણે.

પ્રભુજી નીરાંતવો હું નથી થાતો, ચાહું તોએ ભોજો નથી જાતો. પ્રભુજી ટેક.
મનને હું ઘણું સમજાવું રે, તોએ નિજ બળથી નવ ફાવુ રે;
માટે આપને અરજ સુણાવું, પ્રભુજી નિરાંતવો હું નથી થાતોરે. ૧
મારૂં ધાર્યું નથી થાતું કંઇરે, તોએ ચિંતા રહે છે ગનમાંહીરે;
દુઃખ એજ ભારે છે આંહી, પ્રભુજી નીરાંતવો હું નથી થાતોરે. ૨
જાણું આપ કરો તેજ થાતુંરે, તોએ મૂઢ પણું નથી જાતુંરે;
સમજ્યા છતાં હૃદય ટીચાતું. પ્રભુજી નિરાંતવો હું. ૩
એક તો દુખ એ બન્યું રહેછેરે, એથી ભક્તિ ન ચિત્ત ગ્રહેછેરે;
એમ બસરી પીડા મને દેછે પ્રભુજી નિરાંતવો હું. ૪
અનુહુંજ મારો દુખકારીરે, જાતે ન શકો કષ્ટ નીવારીરે;

માટે આપને અરજ ઉચ્ચારી.   પ્રભુજી નિરાંતવો હું. ૫

પદ ૩૫ ગરબી.

તારૂં ગોકુળ જોવાને. એ રાગ.

દીના નાથ દયાનીધી દેવરે, અરજી ઉર ધારો;
સૂખ શાંતી સહીત આપો સેવરે અરજી ઉર ધારો. ટેક.
ઓળખ થઈ હરી આપનીરે, આવી ઉભો પદ પાસ;
માગ્યું મુખે બહુવાર મેં તોએ કેમ પુરો નહીં આશરે. અરજી. ૧
અલ્પ વિષયમાં આપતા રે, પગલે પગલે સહાય;
શાન્તી વાળું સ્થિર ચિતડું, મારૂં નીસહજી નહીં થાયરે. અરજી. ૨
કર્મ મુઝાવે ઘડી ઘડીરે, એનો પાડો પૂરા તોડ,
ભોગવી સર્વ નહીં સકુ, રણુથી છોડાવો રણછોડરે. અરજી. ૩
ત્રાહિ ત્રાહિ હે ત્રિવિ ક્રમાક્રે પાહિ પાહિ પ્રિય પ્રાણુ:
ગ્રાહી ગ્રાહી કર દોરવા, સજ થાઓ હે શારંગ પાણુરે. અરજી. ૪
કહી કહીને કાલો વયોરે, થાકયો ધરી ધરી આશ;
અંતુથી તો સ્હેવાતો નથી, કેમે કઠણ કર્મનો ત્રાસરે. અરજી. ૫

પદ ૩૬ ગરબી.

રાગ ઉપરનો.

સાચું સહાકારી કોઇ છે નથી, હે હરી શ્રી નિવાસા;
માટે ધારી રાખી ઉરની પ્રતી, માત્ર આપની આશા. ટેક.
ખાતા પીતા હેતુ કોઈએરે, નિત્યે રહે નહી પાસ;

બુદ્ધિ વિદ્યા વગ થાકતાં એવો જમરો કરગ તણો ત્રાસ રેહેહરી ૧
આશા આધાર છે આપનોરે, આપનું જોર તમામ;
તે જો આપજ નહીં ઉરધરો તોતો છેક કથળશે કામરે. હે હરી. ૨
ભક્તિકે સેવા નથી થતીરે, થાય નહીં શુભ કામ;
જગ જનતો વધુ ધુંચવે, માત્ર આપ ઉપર છે હામરે. હે હરી. ૩
પુર્વ કૃતિ નડતી અતિરે, બુદ્ધિ થતી તે આધીન;
પેરે પરાણે કુડી જગે, કરૂ વેઠું બની ગયો દીનરે હે હરી. ૪
હુંજ મારો અરી છું હરીરે, ત્યાં શી બીજાની વાત;
અનંતની દયાદીલ ધરી, ઝટ ઝાલો હવે તો હાથરે. હે હરી. ૫

પદ ૩૭ ગરબી.

"મોલે પધારો" એ રાગની.

શ્રી દેવાધિ દેવ ભગવાન, અમારી વ્હારે રહેજો.
કરી કરૂણા હે કરૂણા નિધાન, અમારી વ્હારે રહેજો ટેક.

અમે મુસાફર જગતમાં, તનમાં કર્યો મુકામ,
સંપત સગા સરવ મળ્યું, અંતે કશું એ ન આવે કામ અમારી ૧
ચાર દીવસના જગતમા પણ દુ:ખ પડે અનેક;
તે પણ તમ વિણ નવ ટળે, લખ્યા આગે લીલાટે લેખ. અમારી. ૨
મન નિર્બળ સંગત બુંડી, કરીએ કુડાં કામ,
તેથી પણ અટકાવવા. છો સમર્થજ અંતરયામ. અમારી, ૩
પાપ પુર્વનાં બાળવા, વધવા ભક્તિ જ્ઞાન;
શક્તિ હીન અમે છીએ, માત્ર આપ ઉપરછે હામ; અમારી. ૪

દુખ ટાળી પાળી સુખ, વાળી શેવા ચાલ;
અનંતને અંત તેડવા, આપ આવજો હે જગરાય. અગારી, ૫

પદ ૩૮ ગરબી.

ઊપરના રાગની.

રાખું ફિકર શાને છુર લેશ, હરી તુજ શરણુ આવી,
શીરે રક્ષક રહોછે હમેશ, કરૂણા પૂરણુ લાવી. ટેક.
દુખ માનુ જેથી પ્રથમ, તેથી અંત સુખ થાય,
મુરખ મન મ્હારૂં વૃથા, વચ માંહે વ્હેમે ભ્રમરાય. હરી. ૧
તુજ સમ સમર્થ કોઇ નથીરે, તેના થઇને દાસ,
ત્રિલોકમાં પણુ કોઇથી, શીદ રાખવો જોઇએ ત્રાસ. હરી. ૨
કરૂણા સાગર માનીને, ઝાલ્યા પંકજ પાદ;
અમાપ પાપો કાપવા, શીદ કરવી ગારે પંચાત. હરી. ૩
ગાગુંધું એ માખવા, હશે રાખ તુજ હાથ;
સુઝત-જે તું શુભ• ગણે, અંતુને નરહે પંચાત, હરી. ૪

પદ ૩૯ ગરબી.

" મારૂં મન મોહ્યુંછે એ છોગાળેરે "

હરી મને સોથી વધુ તમે વ્હાલા લાગોરે,
સ્મર્ણ થતાં વેત જાઊં વારી રે વારી.
હરી મને સોથી વધુ તમે વ્હાલા લાગોરે. ટેક.
ગુણુ ગણુ જોઇ જોઇ મોહી રહ્યો મહા પ્રભુરે,

કૃપા પળે પળે અનુભવી ન્યારી ન્યારી. હરી મને. ૧
નામ ધામ કામ તમારા મને ગમે છે ઘણુંરે;
સુરત સોહામણી બહુજ પ્યારી પ્યારી. હરી મને. ૨
અંગ અંગ સુભુષણો સંગ ભવ્ય ભાસે મહારે;
શું શું જોઊં ન જોઊં નાથ ધારી ધારી. હરી મને. ૩
કૃતિ મતિ કુડી છતા કોપના રતિએ ધરોરે;
સદા કર્યા જાઓ બધી વાત સારી સારી. હરી મને. ૪
અનંતને આજ લગી કષ્ટ નથી આપ્યું કંઇરે;
જગત સુખ સેવ સ્વાદ દીધા ભારી ભારીરે. હરી મને. ૫

પદ ૪૦ ગરબી.

રાગ ઉપરનો.

હરી મને સાંભર્યા કરો તમે ઘડીએ ઘડીરે,
ક્ષણે નહીં વિસરો ઓ પ્યારા રે પ્યારા.
હરી મને સાંભર્યા કરો તમે ઘડીએ ઘડીરે. ટેક.
હર્યું મારૂં મન કૃપા ઘન અતિ વ્હાલ કરીંરે;
પ્રાણથી અધિક પ્રિય મ્હારારે મ્હારા. હરી મને. ૧
સ્મર્ણું સ્વાદ સુધા સ્વાદ થકી સુખદાઇ અતીરે;
તેથી મનથી ન રહો ન્યારારે ન્યારા. હરી મને. ૨
કષ્ટ ક્લેશ એ વડે વિનષ્ટ સ્પષ્ટ થતાં દીસેરે;
ગમે નહી અન્ય વિના ત્હારા રે ત્હારા. હરી મને. ૩
અનુભવ અકુરે અખંડ આપ આપ્યાં કરોરે;

વરસાવો કરૂણાની ધારા પર ધારા. હરી મને. ૪

પદ ૪૧ ગરબી.

રાગ ઉપરનો.

ચાચા સહાય કરજો હે શ્રીના સખાંરે, સિદ્ધ કર્યું છે મે એ જોઇ જોઇરે ટેક.
સંગે સહાતો આપજ રહી સકોરે, યદી કદી સ્હાય કરે કોઇ કોઇરે. ૧
અટકાવો ઉર અવળા મારગથારે, જહાં ત્યાંહાં જ્યારે જાય મોહી મોહીરે ૨
દુખ વિપતીમાં દયોછો ધૈર્ય ઘણુરે, જ્યારે મુઝાઊછું રોઇ રોઇરે. ૩
મનને અઘ મળ બહુ વળ્યા કરેછેરે, સ્વચ્છ, કરોછો તે ધોઇ ધોઇરે. ૪
સેવ સુપથમાં અનુપતિ સ્વાદ દઇરે, રોકી રાખોછો ચિત પ્રોઇ પ્રોઇરે. ૫

પદ ૪૨ ગરબી.

રાગ ઉપરનો.

આશ પૂર, પુરે પુરી ઓ પ્રાણુ પાતરે,
કહું પદમાં પ્રણમી વાર વારરે. આશ. ટેક.
નીર્ભયતા રહે નીશદીન ઊરે બનીરે,
થાઊ નહીં ક્ષણ પણ હું માર મારરે. આશ. ૧
ભવ જળ વમળે નવ ભુલી ભમુંરે.
કર ગ્રહી રાખીને તાર તારરે. આશ. ૨
ત્રિતાપ તાપે તને ન કદી તપુરે,
એમ કૃપા જળથી ઠાર ઠારરે. આશ. ૩
અન્ય વિષય જરી એ નવ ઉરે વસેરે,

ચર્ચા કરૂં ત્હારો પ્યાર પ્યારરે. આશ. ૪
નિત એવા સુખ મ્હાતા સેવકનીરે,
અનુપતિ ઉર અરજી ધાર મારરે. આશ. ૫

પદ ૪૩ ગરબી.

"ગોવીંદાજી" એ રાગની.

અકળ કળા કૃષ્ણજી ત્હારીરે, જાણીને જાઉંએ બલી હારીરે. ટેક.
સકટ પૂતનાને યમ લાર્જુન, હણ્યાં પલકની માંહ;
છેક બાળપણુની લીલામાં, દેવ પણું દેખાય. અકળ. ૧
બ્રહ્મા ભૂલ્યા સુરપતિ ભૂલ્યા, ભૂલ્યા મુનિ મહાંન,
પરબ્રહ્મે પરચા દેખાડયા, ત્યારે આવ્યું ભાંન. અકળ. ૨
ત્રિલોક સ્વામી તે બંધાયા, યશોદા માને હાથ;
અજ પદ દાતા ચોર ગણાયા, એજ વડાઇની વાત. અકળ. ૩
ગાળ ખાધી સો શીશુ પાંળની મુક્તિ દેવા કાજ;
ગોપીને તારી સૌ પહેલી, એવાછો જગરાજ. અકળ. ૪
જેવા મોટા તેવા સાદા, ભક્તિ વશ થઇ જાય;
અનત ચરણોનો શરણાગત, અનંત તેથી થાય. અકળ. ૫

પદ ૪૪ ગરબી.

એજ રાગની.

રામા તારી કૃતિયો વિચારીરે, હોંશે નાંખું તન મન વારીરે. ટેક.
બાળ પણે રૂષી યજ્ઞ રક્ષીને ઠર્યા સમર્થ કૃપાળ;

શીવ ત્રંબક તોડયું ને કીધા, પરશુરામ નિર્માલ્ય. રામા. ૧
પદ રજથી રૂષી નાર ઉધારી, તારી થી વરી તેમ;
રૂષી સમ પક્ષી ભીલ કપીપર, જણુવ્યો જબરો પ્રેમ. રામા. ૨
પાણી ઊપર પથરા તાર્યા, સંહાર્યા અરી સર્વ;
જેથી સુરમુનિ સર્વે હાર્યા, ટાળ્યો તેનો ગર્વ. રામા. ૩
બ્રહ્મા શીવે સ્તુતિ બહુ કીધી, ગાનીને નિજ નાથ;
શરણોનું રક્ષણ કરવાનું, વ્રત કીધું વિખ્યાત. રામા. ૪
પશુ પક્ષીને પણ પહોંચાડયાં, અંત પરમ પદ માંહ્ય;
અનંત તેથી શરણે આવ્યો, સ્વીકાર જે જગરાય. રામા. ૫

પદ ૪૫ ગરબી.
રાગ એજ.

તને પુણ્યશાળી પીછાણેરે, જંજાળી જનો નજ જાણેરે. ટેક.
પ્રલ્હાદે પ્હેલા પ્રમાણ્યા, પરચા થયા અનેક,
પણ હિરણ્યને ઊરે ન આવ્યો, અંત લગીએ વિવેક. તને. ૧
ગથ્યો સમુદ્ર રત્ન કાઢયાંને, થયા મોહની રૂપ;
પણ અસુરો તો રહ્યા અભાગી, સુરે ગણ્યા જગ ભૂપ તને. ૨
પદથી માગ્યું ત્રિલોક ત્યારે, અજે પુજ્યા શ્રીપાદ;
પણ અસુરોતો લઢવા ધાયા, સુર પામ્યા આલ્હાદ. તને. ૩
દંડક વને થયા મુનિ શરણે, ગણ્યા શીવરીએ ઇશ;
ચૌદે હજાર ગયા કપાઇ, નવ જાણ્યા જગદીશ. તને. ૪
શિશુપાળ કંસે ન કળ્યા નેં, અંતે થયા ખુવાર;
ગ્વાલ તર્યા જાણી નિજ જીવન, અનુ નાતે સરકાર. તને. ૫

પદ ૪૬ ગરબી,

રાગ એજ.

હરી તમે જગજન માટેરે, કૃપા કરી વિધવિધ વાટેરે. ટેક.
ઇશ અનંત અચિંત્ય છોરે, વ્યાપક વિશ્વાધાર;
નિત્ય મુક્ત ગાટે તે વસતા, નિત્યે પુરૂષાકાર. હરી. ૧
સ્વતઃ સુખી પૂરણ છતાંરે, કીધું વિશ્વ તમામ;
પ્રજાપાલને પ્રકટયા તેમો, દીવ્યરૂપ સુખ ધામ. હરી. ૨
શુભ સૂચવવા પ્રેરવા, ઊરે વસ્યા રહો આપ;
ધ્યાન ધરે તે પામે દર્શનં અર્ચા થયા વળી બાપ. હરી. ૩
પોતે સાધન આપી લઇ, દેતા ઈચ્છીત લ્હાણ;
અનંતનાથ બન્યા બહુ રીતે, અનત સુખની ખાણ. હરી. ૪

પદ ૪૭ ગરબી.

રાગ એજ.

જેજે જગમાં હું બાળુંરે, દીધું તેતો આપે દયાળુંરે;
માત ઊદરમાં આગળથી આ, તન કીધું તૈયાર;
તે આપ્યું ત્યારેજ થયોછે, મારો આ અવતાર. જેજે. ૧
નભ્યુ જાય છે તે તણો, પોષક તુંજ કૃપાળ;
જગમાં વસ્તુ માત્ર જનોને, દેછે તુંજ દયાળ. જેજે. ૨
શું દેવું લેવું વળી, એ તું જાણે આપ;
આજ સૂધી જેજે સુખ જોયું, તે તારોજ પ્રતાપ. જેજે. ૩
તને જાણવા સાધનો, તે પણ દીધાં તેમ;

તેજ ઊરે પણ ઉપજાવ્યો છે, તારા પરનો પ્રેમ. જેજે. ૪
તારો આભારી છઊં, રહીશ સર્વે કાળ;
ધન્ય કથ્યા વિણુ અન્ય શું કરૂં, રંક અનુ તુજ બાળ. જેજે. ૫

પદ ૪૮ ગરબી.

હરી ભજન થકી. એ રાગ.

પ્રભુ પારસ તું, તુજ સંબંધે સરવે પારસ થાય;
તારૂં સ્મરણ કરે, તેના પણ અત્ર સંકટ સરવે જાય. ટેક.
સલ્યાની અહલ્યા સહજ થઇ, સવરી વૈકુંઠે સહજ ગઇ;
મુક્તી જટાયુની સહજ થઇરે. પ્રભુ પારસતું ૧
ગોપીજન પ્રેમે તને વર્યા, પશુ પક્ષી અવધનાં સરવ તર્યા;
ઊગર્યા જેતુજ જનો કર્યા. પ્રભૂ પારસ તું. ૨
સ્મરણે પ્રલ્હાદની પીડ ટળી, સ્મરણે ગજ છુટ્યો સહજ વળી;
સ્મરણે ચીંતવતી પ્રથમ મળી. પ્રભુ પારસ તું. ૩
ભયભીત સ્મરણે વાયસ ઊગર્યો, ભયભીત સ્મરણે ગરી કંસ તર્યો;
શીશુપાળ દ્વેષી પણ મુક્ત કર્યો. પ્રભુ પારસ તું. ૪
પશુ પક્ષી કપી અસુર નારી, સબંધ સર્વને સુખકારી;
અનુ એવા પ્રભૂપર બલીહારી. પ્રભુ પારસ તું. ૫

પદ ૪૯ ગરબી.

રાગ એજ.

નરવેશ ધરો, તોપણ સર્વેશ્વર તો જણાઈ જાઓછો;
નરકૃતિ કરો, તોપણ કરૂણાકર તો જણાઈ જાઓછો. ટેક.

રંજાડ કર્યો માખણ માટે, બંધાયા માંડ માત હાથે;
તાર્યા યમલાર્જુન તે સાથે. નરવેશ. ૧
થયા ગોપ ગાયો વનમાં ચારી, રમી ન્યાલ કરી વ્રજની નારી;
ધર્યો ગીરી ગયો સુરપતિ હારીરે. નરવેશ ધરો. ૨
માટી ખાધીને મુખ ફાડયું, માને ત્રિલોક મહીં દેખાડયું;
હણી કંસ સુરોનું દુખ કાઢયું. નરવેશ ધરો. ૩
લાવ્યા પારિજાત પ્રિયા સારૂ, હણી નરક કર્યું સુર દુખ ન્યારૂં;
સુર મંડળ સહુ યુદ્ધે હાર્યું. નરવેશ ધરો. ૪
બાજગ્યો નરવેશ ન રાખી મણા, પરચા પૂર્યા બહુ ભક્તતણા;
અનુ અમે ઓળખી દાસ બણ્યા. નરવેશ ધરો. ૫

પદ ૫૦ ગરબી.
રાગ એજ.

નરવેશ ધરી, મોહ કરો છો મોટા મોટાને હરી;
તોપણ શ્રી હરી, જણાઇ જાતા જગદીશ્વર ખુલ્લા ફરી. ટેક.
મોહ્યા અજ વચ્છો સંતાડયા, મોહ્યો સુરપતિ જન રંજાડયાં;
તવ તમે પરાક્રમ દેખાડયાં. નરવેશ ધરી. ૧
મોહ્યાં શીવ મોહનીને જોઇ, મોહ્યા અસુરો અક્કલ ખોઇ;
તમે જૂદા પાડયા પ્રિય દ્રોહી. નરવેશ ધરી. ૨
સીતા સારૂ વન વન રોયા, મૂર્છીત દેખી નિભિષણ મોહ્યા;
અંતે જયી જગતપતિ જોયા. નરવેશ ધરી. ૩
શીવ મોહ્યા બાણાસુર માટે, સુર મોહ્યા પારીજાત સારે;
આપ્યા ઠેકાણે ભગનાથે. નરવેશ ધરી ૪

મોભા એવા મોટા સમજુ, ત્યાં રાંક અનુનું તે શું ગજું;
ઘડી ઘડી જ્ઞાનને પ્રેમ તજું. નરવેશ ધરી. ૫

પદ ૫૧ ગરબી.

ઉપરના રાગની.

સરવેશ્વર તું, નરથી અસુર સુરોથી મોટો સત્યછે,
છે સુખ કરતું, તનેજ ઓળખવાની અગત્યછે ટેક.
નરસુર અવતરતા નેં મરતા, તે સર્વ તણા આપજ કરતા,
તવ સેવથીજ ભવજળ તરતા. સર્વે. ૧
બ્રહ્માને નાભીથી સરજાવે, શીવ અંતે તુજ પદમાં આવે;
સૌને પાલી તુંજ નિભાવે. સર્વે. ૩
દુખ હરવાને આવા થાતા, લખી ગ્રંથો ગુણુ એ રૂપી ગાતા,
તેસુણી જનો પણ તરી જાતા. સર્વે. ૩
અજ ધ્રુવે પાદ-ગંગા જાણુવે, શીવ એજ તીર્થ શાર ધરે હવે.
જન શુદ્ધ થતાં જળ સ્પર્શ થવે. સર્વે. ૪
અનું ઊરે શોધ્ય કરીને જાણી, શ્રદ્ધા પ્રીતી ઉરમાં આણી;
થયો અનન્ય શરણુ ચ ક્રપાણી સર્વે. ૫

પદ પર ગરબી.

"પ્રભુ તને પ્રસન તે કેમ થાય" એ રાગ.

શીરપર રક્ષકતો છે ભારે, શી ફિકર પથાથી તારે. શીરપર. ટેક.
આજ સુધી એણે જેમ ચલવ્યું, તેમ હવે પણ કરસે;
પ્રથમ ભેદ નવ સમજતો, પણુ અંતે સારૂં ઠરશે. શીરપર રક્ષક. ૧

સકળ જગતનો એ છે સ્વામી, સત્તા સર્વોપરી એની;
જગત માત્ર પરતંત્ર પછીથી, ફિકર રાખવી શેની. શીરપર રક્ષક. ૨
જે સહૂ જગનું તંત્ર ચલાવે, તે મુજ કાર્ય કરે છે;
કેમ તેનું ફળ ગાઢું મળસે, મન તું વૃથા ડરેછે. શીરપર રક્ષક. ૩
સમર્યાં કરતું એને નિશદિન, ફોકટ ભારે મરમાં;
જે થાશે તે શ્રેયજ થાશે, એમાં શંકા કરમા. શીરપર રક્ષક. ૪
શુભ ગુણ સાગર છે સ્વામી તુજ, શાસ્ત્રો સકલ વખાણે;
અનુભવ્યું અનુએ બહુ વેળા, વ્હેમ કેમ પછી આણે. શીરપર રક્ષક. ૫

પદ ૫૩ ગરબી.

ઉપરના રાગની.

શીરપર સ્વામીછે હીતકારી, કરૂણા નિધિ શુભ ગુણ ધારી. ટેક.
વગર કહે માતાને ઊદરે, એણે રક્ષણ કીધું;
પ્રકટ થતાં પહેલાં સ્તન માંહે, પય પ્રકટાવી દીધું. શીરપર. ૧
ખાવા પીવા અને પહેરવા, અનેક વસ્તુ આપી;
આધી વ્યાધી અને ઉપાધી, અનેક વીપથી કાપી. શીરપર. ૨
તીર્થમંત્ર ગુરૂક્ષેત્ર બોધથી, અસંખ્ય પાપ વિદાર્યાં;
સંસ્કારો સ્વામીથી અપાવી, ચરણો માંહી સ્વીકાર્યાં. શીરપર. ૩
માત્ર મરણ સુધી પ્રારબ્ધો ભોગવવાં છે બાકી;
અસંખ્ય અઘની પ્રચંડ બેડી સહજે કાપી નાંખી. શીરપર. ૪
અંતે અજ શીવ જે ઊર ઇચ્છે, તે પદ પ્રેમે દેશે;
અનુ તું તો સેવાજ કર્યાં જા, સમય સમય સુખ લેશે. શીરપર. ૫

પદ ૫૪ ગરબી.

"ઘેલી મને કીધી" એ રાગ.

લક્ષ્મી નારાયણ પ્રિય માત તાત મ્હારાંરે,
સદૈવ સંગી એજ રક્ષક રહેનારાંરે. લક્ષ્મી નારાયણ પ્રીય. ટેક.
વિયોગ એકેએક સર્વતણો થાશે, ક્યારેક જીવ આ શરીરે છોડી જાશે;
જ્યાં હું હઇશ ત્યાં રહેશે એજ પાસેરે. લક્ષ્મી નારાયણ. ૧
અહીંએ એજ મને અહરનીશ પાળે, આધી ઉપાધી વ્યાધી એજ મારી ટાળે;
વિસારી મુકતાં નથીજ કોઇ કાળેરે. લક્ષ્મી નારાયણ. ૨
સૂખો સમસ્ત ખરાં એજ આપનારાં, પાપો સમસ્ત અંત એજ કાપનારાં
ચરણની સેવ માંહી એજ થાપનારાંરે. લક્ષ્મી નારાયણ. ૩
એમના તુલ્ય કોઇએ નથી કૃપાળુ, એમના તુલ્ય કોઇએ નથી દયાળુ,
એમના તુલ્ય મને કોઇ નથી વ્હાલુંરે. લક્ષ્મી નારાયણ. ૪
કહ્યા વિના પણ હિત કરે જાય નિત્યે, ચહ્યા વિના પણ એ ચહે મને ચિતે;
અનુન ચાહુ કેમ એને પૂર્ણ પ્રીતેરે. લક્ષ્મી નારાયણ. ૫

પદ ૫૫ ગરબી.

ઉપરના રાગની.

મુરતી મોહનની મહાન મોહકારીરે, સૂખદ સોહામણી સલુંણી પ્યારી પ્યારીરે,
મુરતી મોહનની મહાન મોહકારી. ટેક.
નખશીખ કામણ ભર્યું છે અંગ અંગે, નિહાળતાંજ હૃદય ઊભરતું ઊમંગોં
ચાહુછું એજ કે સદૈવ વસું સંગેરે. મુરતી મોહનની મહાન. ૧
અકથ રસીલી એની આંખ અણીઆળી, મુખાકૃતી મધુરી મહા તેજવાળીરે;
પાંચે એ દર્શન તે પુર્ણ ભાગ્યશાળીરે. મુરતી મોહનની મહાન. ૨

એને જોતાંજ અન્ય બધું ભૂલી જઇએ,. એને આધીન એનામાંજ લીન થઇએ,
ફરી ફરીને એને નીરખવાને ચહીએરે. મુરતી મોહનની મહાન. ૩
એના ધ્યાનથી શીવ તૃપ્ત નથી થાતા, એને નિહાળી પાર્વતી નથી ધરાતા;
એનાજ ગુણો વેદ અભિછીન્ન ગાતારે. મુરતી મોહનની મહાન. ૪
શોભા સમસ્ત તણો સાર એ ભર્યોછે, સમસ્ત સ્વાદનો સંગ્રહ કર્યોછે;
માટે એને અનંત ભાવથી વર્યોછે. મુરતી મોહનની મહાન. ૫

પદ ૫૬ ગરબી.

એજ રાગની.

ક્યારે મળશે મને કૃષ્ણચંદ્ર પ્યારો, બાંકો છબીલો છેલ નંદનો દુલારો. ટેક.
એવા વિના જણાય જગતમાં અંધારૂં,લાગે તમામ સુખ જગતનું અકારૂં
દુખગય વૃથા વય વહ્યુ જાય મ્હારૂંરે. ક્યારે મળસે મને. ૧
વશે સમીપે તથાપિ ન મોં બતાવે, દયાળ છતાં દયા કેમ નવ લાવે;
જાણે જુવે છતાં શાને વધુ સતાવેરે. ક્યારે મળશે. ૨
ઊઠે ઊમંગ ઉરે ઉરે તે સમાવું, પ્રિય તમ વિના પ્રેમ કોણને બતાવું;
મનમાં ધારૂ હોંશ મનને રડાવું રે. ક્યારે મળશે.૩
ઘડી ઘડીએ વિવિધ વિપતી જણાય, તર્કને વિતર્ક મને ઘણા ઘણા થાએ;
ક્યાંહાં સુધી અસહ્ય કષ્ટ સહેવાયે. ક્યારે મળશે. ૪
ન રહી શક્તિહામ અનુ લેશ બાકી, ઝુરીને ઝુરીને હવે ગયો છેક થાકી;
જશે શું ઝંખતાજ ઉમર મુજ આખીરે. ક્યારે મળશે. ૫

પદ ૫૭ ગરબી.

એજ રાગની.

મળો મન મોહન શ્રી કૃષ્ણ નખરાળા, દયા કરો દયાનિધાન નંદલાલા. ટેક.

હારો નયન કમળ નયનો બતાવી, કરો કૃતાર્થ તન તનતી લગાવી;
પુરો ઉરની આશ ઉરેથી હબાવીરે. મળો મન મોહન. ૧
રૂપમાં અનુપમ તત્વરૂપ તે બતાવો, પ્રેમમાં નિત્ય પ્રેમ આપનો જણાવો;
સ્વાદ માંહી દીવ્ય સ્વાદ સેવનો અપાવો, મળો મન મોહન. ૨
આપ વિણ દુખ થયું આપ તે હરી લ્યો, આનંદઘન મન આનંદે ભરી લ્યો.
પારસ પરસી મને પરસ કરી લ્યો. મળો મન મોહન ૩
આપ્યો મનુષ્ય દેહ તો કૃતાર્થ કીજે, કર્યો ગુલામ તો સ્વીકારી સઘલી જે;
અંતદાશને અખંડ સૂખ દીજેરે, મળો મન મોહન.

પદ ૫૮.

ઓધવજીના સદેસાનો રાગ.

કર્યો શ્રી વૈશ્નવ પ્રભૂ મને કરૂણા કરી, વર્યો આપને વ્હાલા વિશ્વાધારજો;
પતિ રહી શીર પર ને સદા સુધારજો, નિભાવજો તમ સાથે નો સંસરજો. કર્યો ટેક.
મહાન તપના તૂલ્ય તાપ સંસ્કારથી, સ્વચ્છ કર્યો બાલીને માહાન પાપજો.
હવે ફરી નવ બગડું હું અઘઆદરી, એ જાળવજો ચિંતા રાખી આપજો. કર્યો૦૧
પુંડ્ર રૂપ મહા તીર્થે તન પાવન કર્યું, પદરૂપી ચિન્હો થાપ્યાં તે માનજો;
કદી હવે અપવિત્ર એ કૃરીના બને, મન કર્મે વચને ન આવરતું થાયજો. કર્યો૦૨
નામ નવું આપ્યું જેવું નિજ દાસનું, તેવો હું નિજ કૃતિ થકી વરતાઉંજો;
ડગું નહીં ભય લાલચકે શત્રુ થકી, કદી નહીં હું કશા થકી ધબરાઉંજો. કર્યો૦૩
સેવા સોંપી તેજ સદૈવ બની રહે, ભક્ત ભાગવત આચારી પદ માનજો;
અનુ તણાં આત્માને જડચર સર્વદા, શુદ્ધ રહી તુજ સેવમાંજ વપરાયજો. કર્યો૦૪

પદ ૫૯

રાગ એજ ગરબીનો.

લક્ષ્મીવર મેં વેશ શ્રી વૈશ્નનો ધર્યો, જોજો જગમાં હવે ભય નહીં લાજજો;

વેશ પ્રમાંણે કૃતિ મતિ મુજ રાખજ્જો, જાળવજ્જો મુજને હે જગના રાજજ્જો.લ.ટેક
જેવાં ધોળાં ટીલાં કહાડું બ્હારથી, તેવું ધોળું કરજ્જો મારૂં ચિતજ્જો;
કપટ કામ ક્રોધ કે ક્લેશ નવ ઉપજે, મનને મુખ મુજ વરતે એકજ રીતજ્જો.લ.૧
નામ તમારા દાસતણું ધાર્યું જથા, તેમજ સેવા સદૈવ લેજ્જો આપજ્જો;
જગ સુખ માટે કદી ન હું ઘેલો બનું, રહું પૂરેપર તંત્ર આપને બાપજ્જો.લ.૨
આપું છું ઉપદેશ અવરને જે રીતે, વૃતિ મારી તેવી રાખો નિત્યજ્જો;
મુજ માટે કંઇપણ નવ માંનું કેકરૂં, સ્થીર રખાવો ચરણ કમળમાં પ્રીતજ્જો.લ.૩
કૃતિ કરાવો તવ સેવકને શોભતી, મતી રખાવો સ્વરૂપને અનુરૂપજ્જો.
ધૃતિ રખાવો દ્રઢ આસ્તિકને છાજતી પતી તમેજ સદા રહેજ્જો જગ.ભુપજ્જો લ.૪
ભકતો જેવી ભક્તિ ભવ્ય કરાવજ્જો, લડાવજ્જો તેવાંજ મને પણ લાડજ્જો;
અનત ને એવો રાખો કે એ કદી, રાડ કરે નહીં પણ નિત માને પાડજ્જો. લ. ૫

પદ ૬૦ રાગ ઉપરનો.

વેંકટેશ મુજ વિઘ્નો સરવે કાપજ્જો, તે વિણ સાચી શરણાગતિ ન થાયજ્જો;
ચાહુ ઘણું પણ કંઇ મારૂં ચાલે નહીં, એ વિણ સેવા સ્વાદ પુરા ન ચખાયજ્જો વેં૦
અહંકાર એ પ્રથમ વિઘ્ન મનમાં ભર્યું, સ્વતંત્રતા તેથી મારી સમજાયજ્જો;
તને ગમે તેમ રાખ કહું એવું મુખે, પણ પરતંત્રપણું ન પુરૂં સચવાયજ્જો. વેં૦
બીજું વિઘ્ન વડું મમકારતણું બણ્યું, રાગદ્વેષ માં હું તેથી રોળાઉંજ્જો;
તારૂં તારે કાજે છે એવું કહુ, પણ તેનાંજ સુખો નિજ કાજે ચાહુંજ્જો. વેં૦
આ શરીર ખુદ મોટું વિઘ્ન બની નડે, ઇંદ્રી સઘળી માગે નિજ નિજ ભોગજ્જો;
વિષયોને દેખીને તો વિહ્વલ બને, સુખે ન થાવાદે સેવા સંજોગ જો. વેંકટેશ.૩
આધી વ્યાધી અને ઉપાધીનાં વળી, અસંખ્ય વિઘ્નો કર્મ તણાં ફળરૂપજ્જો;
મન એમાં જાતાં કર્ત્તવ્ય બધાં તજે, તોડ તમે તેનો પાડો જગભૂપજ્જો. વેં૦૪
અલ્પ વિઘ્નથી પણ હું તો હારૂંજ છું, નથી જગગતી પણ મુજને એ હારજ્જો,
માટે અનંત સ્વામી તુજને વિનવું, ક્યાં કરો એ સરવેનો સંહાર જો. વેંકટેશ.૫

પદ. ૬૧

ભાવે ભજ ભજરે. એ દેશી રાગ કાલીંગડો.

જીવ તજ જકરે, ગણુ એકજ શ્રીવર સ્વામી. ટેક.

નવ હોય ઘણા ભગવાન, નવ સરવે હોય સમાન;
છો કરે લોક અજ્ઞાન વૃથા બક બક રે. ગણુ એકજ. ૧

તકરારોમાં વય જાશે, તો કશુંએ નહીં સધાશે;
ને મૃત્યુ આવીને રહાશે, જશે શુભ તકરે. ગણુ એકજ. ૨

નિશદિન સેવા લેવાને, સઘળું સોંપ્યું ભગવાને;
પછી કેમ અવરને માને ન કોઇનો હકરે. ગણુ એકજ. ૩

શ્રુતિ એના ગુણ ઉચ્ચારે, અજશીવ એને ધણી ધારે;
મુરખ જનનો જખ મારે, કરે ટક ટકરે. ગણુ એકજ. ૪

જે અનુપતિ ને નહિં ચ્હાશે, તે અંતે અતિ પસ્તાશે;
ચ્હાશે તેતો તરી જાશે, નથી કંઇ શકરે. ગણુ એકજ. ૫

પદ ૬૨.

રાગ ઉપરનો.

પ્રભુ જય જય હે લક્ષ્મીનારાયણ સ્વામી,

તમે અનેક પાપી તાર્યા, તમે અધમ અસંખ્ય ઓધાર્યા;
અમ સારૂ આહીં પધાર્યા, શુચિ સુખમય હે. લક્ષ્મી. ૧

છો કોટી અંડના સ્વામી, તમે સદૈવ પૂરણ કામી;
સુર સુરી નમે શીરનામી, ઇશ અવ્યય હે. લક્ષ્મી. ૨

અધ સકળ દુર કરવાનો, સુખથી ભવજળ તરવાનો;
માંન્યો ઉપાય મન માન્યો, ચરણો દ્વય હે. લક્ષ્મી. ૩

ગણી બીજી વાત નકામી, સુખદા તવ શરણું પામી;
અમે સુખમાં રહ્યા વીરામી, પૂર્ણ નિરભય હે. લક્ષ્મી. ૪

એ ચહીએ અનુના દેવા, છુટે બીજા સહુ હેવા;
ફરવાગાં તારી સેવા, વીતાડીએ વયરે. લક્ષ્મી. ૫

પદ. ૬૩

બની આવે તો રામનામ લઈએરે.

ધણી ગડબડમાં નવ પડીએરે, ભજનમાંજ અડીએ. ટેક.
ખપ જોગું જગકાજ કરી લઇ, કદી ન કોઇને નડીએરે. ભજ૦ ૧
તન પાંમ્યાં સેવા સુખ લેવારે, ખાલી નહીં આથડીએરે. ભજ૦ ૨
જીભ મળી જગદીશ્વર જપવારે, વૃથા નહીં બડબડીએરે. ભજ૦ ૩
મનથી સમરીએ લક્ષ્મીવરનેરે, મનસુખે નહીં ચઢીએરે. ભજ૦ ૪
અલ્પ આયુષ એળે ઊડે જાતાંરે, અતે અનુ હડબડીએરે. ભજ૦ ૫

પદ. ૬૪

રાગ એજ.

અમે વ્હેમ બીજા પરહરીએરે, શ્રીવરને વરીએ. ટેક.
સૌ સુખ ધામીનાં પદ પામીરે, આશા અવરની ન કરીએરે. શ્રીવ૦ .
જગતપતીનાં થઇને સેવકરે, દેવ દેવીથી નહી ડરીએરે શ્રીવ૦ ૨
ધણી ધરી શીર ધરણીધરનેરે, ન કોઇને કરગરીએરે. શ્રીવ૦ ૩
જગ સઘળું દુખદાયક સમજીરે, શ્રીરંગનેજ સમરીએરે. શ્રીવ૦ ૪
સહુ ચિંતા સોંપી અનુપતિનેરે, બેફિકરાં થઇ બરીએરે. શ્રીવ૦ ૫

પદ ૬૫.

રાગ એજ.

અમે ખાસદાસ પદ કેરાંરે શ્રીવરનાં છઇએ. ટેક.
લીલાટમાં શ્રી, ચરણો લખાયાંરે, તે નિત ખારી રહીએરે, શ્રીવરનાં. ૧
એ નહિ છોડે અમને કદીએરે, અમે બીજે નહીં જઇએરે. શ્રીવરનાં. ૨

જે કરશે તે હીત ઉર સમજીરે, સુખ દુખ સરખા સહીએરે. શ્રીવરનાં. ૩
સુખ દુઃખ ભય લાલચની વાતોરે, એની આગળ કહીએરે. શ્રીવરનાં. ૪
એ અમૃત રસને મુકીનેરે, ધ્યાંન બીજે શીદ દઈએરે શ્રીવરનાં. ૫
સેવા એજ સ્વરૂપ આમારૂં રે, અધિક અધિક ઉર ચહીએ. શ્રીવરનાં. ૬
અનંત પતિને મહા ભરોંસેરે, નિત્યે નીરાંતમાં રહીએ. શ્રીવરનાં. ૭

પદ ૬૬. "વહાલીડા" એ રાગ.

જો શ્રીવરના છો સાચારે, વૈશ્નવ વ્હાલાં તો રાખો દીન શીદ કાચારે. વૈ. ટેક.
ડરસોમાં જગનાં જનથી, ડરશોમાં કોઇ સાધનથી ખાતરી રાખજો મનથીરે. વૈ. ૧
પ્રભુ ચાહે તેજછે થાવું, જાણવું સદા એ આવું, શીદ તેમ છતાં ધભરાવું રે વૈ. ૨
નહીં કોઈનું ટાળ્યું ટળશે, શ્રીવર દેશે તે મળશે, નહીં બીજે કયાંહી દીન વળશે, વૈ
પ્રભૂ દુખ દેવાને ચ્હાશે, તો કોઈથી મેટન થાશે, અંતે એ બ્હાંહેડી સ્હાશેરે વૈ, ૪
સ્થિર કરો પ્રભુથી પ્રીતી, રાખોઉર સત્ય પ્રતીતી: તો અનુજશો જગ ઝીતીરે. વૈ. ૫

પદ ૬૭ રાગ એજ.

સીનાવર જે કાંઈ કરસેરે, તે કરશે સારૂં સીર રાખું શીર હું જોખમરે. ફોકટમારૂં.
એણેજ જન્મ ગછે આલ્યો, ને આજ લગી વળી પાળ્યો, તે લેશે નિત સંભાળોરે. ક. ૧
એ દોષો સઘળા સાંખે, ને જુએ દયાળુ આંખે, તે કેમ વિસારી નાંખેરે. કરશી. ૨
જેનાથી નહી કોઇ ડાહ્યો, તેણે મારો કરસાહ્યો, શીદ થાઉંદવે રઘવાયોરે ક. ૩
જે સરવ જગતને પાળે, હું વળગ્યો તેની ચાળે; નહિ તરછોડે કોઇ કાળેરે. ક
ભવસાગરમાં તન વ્હાણે, બેઠા એ બાપ સુકાને, અનુ લઇ જાશે નિજ સ્થાનેરે.

પદ ૬૮ રાગ એજ.

પ્રભુ શરણાગતિ ન તુટેરે એવું કરજો, ભક્તિ ઉરથી નવ ખૂટેરે એવી ભરજો. ટેક.
કાયા મનસાને વાચા, તમને ભણીએ ધણી સાચા, એનિશ્ચય નપડે કાચારે. એ. ૧
ડરીએ ન દેવ દેવીથી, રાખીએ ન જનની ભીતી, પદની રહે એમ પ્રતીતીરે. ૨

કામોર્મિ નવ ફરીએ, નવ જગે જગે ફરીએ,ચર્ણેમાંહે થીર ઠરીએરે. એ.૩
નવ રહે ફિરત તન ધનની,નવ ચિંતા સુખસાધનની રહે કાળજી માત્ર ભજનની.૪
આખો દિન કરીએ સેવા, સ્વપ્ને આવે તું દેવા, છુટે બીજા સહુ હેવારે એવું.૫
પરીપૂરણ પ્રીત લગાવી, કરીએ સેવા મન ભાવી:જીંદગી કાઢીએ આવીરે. એ.૬
અંતે ન વીસરીએ સ્વામી, એવી રહે પ્રીતી જામી;માગું અનંત શીર નામીરે.૭

પદ ૬૯ રાગ ઉપરનો.

પ્રભુ ચરણ કમળ નવ છુટેરે, એવું માગું. ચિત કુતર્ક કદી ન ઉઠેરે. એવું.ટેક.
શરણે લીધોછે આપે, પાવન કીધોછે છાપે;ફરી ભ્રષ્ટ થાઉં નહીં પાપેરે.એવું.૧
વિશ્વાસ કદી નવ તોડું,આપને ક્ષણે નવ છોડું,સજ્જડ સગપણ હું જોડુંરે.એ.૨
તૃષ્ણાઓ ઊરે ન ઊઠે, આશાઓ ન પડે પૂંઠે,સંતોષ કદી નવ ખુટેરે. એવું.૩
આજ્ઞાઓ સર્વે પાળું, અવળે રસ્તે નવ ચાલું, સર્વે કુટેવ હું ટાળુંરે. એવું. ૪
સહુથી વધતી ગણું સેવા,સહુથી વ્હાલો તું દેવા,નિત્યે વિચાર રહે એવારે એ.૫
અંતે ન જરી ગભરાઉં,આ રીતે તુજ ગુણ ગાઉં,અનુનાથ નીર્ખી હરખાઉંરે ૬

પદ ૭૦

ગીરધારી બેઠી છે તારી ગાળએ રાગ.

તજી ધર્મોને કર્મ અમે અન્ય કૃપાનાથ, તારા ચરણોને શરણે થયાં છીએ.ટેક
બીજાં દેવી દેવોને સમજતાં નથીરે, થયાં આપનાંજ સેવક અનન્ય. કૃપા.
મન બીજે પરોવીએ ન પ્રીતથીરે, તને જાણીએ વશિષ્ટને વરેણ્ય. કૃપાના. ૨
વાઘ વરૂ તુલ્ય વિશયોથકી ભર્યુંરે, જગત આ બધુંજ ઘોરકે અરણ્ય. કૃ ૩
અમે એકલાં ભરોસે માત્ર આપનેરે, નહીં કોઇ બીજું કયાંહીએ શરણ્ય.કૃ ૪
તમે પાળજો સુધારજો નિભાવજોરે, અનુંને કરજો અંત સમે ધન્ય. કૃ. ૫

પદ ૭૧ રાગ ઉપરનો.

અમે મુકી બીજા બધા ઉપાય, જગતરાય, માત્ર આપનેજ ભરોસે રહ્યા છીએ.

નિંચતા અશક્તતા અમારી ઓળખીરે, સોંપ્યાં પાદમાંહે આત્માને કાય.જ. ૧
તપ ધ્યાન વ્રત યજ્ઞ તે ક્યાંથી બનેરે, પૂરાં કર્તવ્યોએ ન કરાય. જગત. ૨
આત્મજ્ઞાન થવું અતિ કઠણ થઈ પડયું, પછી પૂર્ણ ભક્તિ ક્યાં થકીજ થાય.જ.
શુદ્ધ શરણાગતિએ નથી થતીરે, પછી નિર ભરતા શી રીતે પમાય. જ. ૪
અનુસાધન રહીત છેક્છે પ્રભુરે, કરો જેમ યોગ્ય આપને જણાય. જગ. ૫

પદ ૭૨ રાગ ઉપરનો.

તજી અન્ય સર્વ પ્રકારની આશ, શ્રીનિવાસ, અમે આપનો વિશ્વાસ.
દ્રઢ ધારીએરે. ટેક.

તમે શરણોને કદી તજતા નથીરે, કર્યું વ્રત એ બહુ સ્થળે પ્રકાશ. શ્રી. ૧
પાપ પૂરમાં પડેલ પ્રપન્નો તણાંરે, કરોછો તમેજ સર્વ પાપનાશ. શ્રીનિવાસ.૨
શરણ થયા પછી ભૂલી જાએ મોહથીરે, તેમનો પણ તોડતા મોહપાશ.શ્રી·
ઊચિત કર્મ સર્વ આપજ કરાવશોરે. પૂર્ણ માનશો યદિ હશે કચાશ. શ્રી. ૪
નક્કિ અંતે અનતને આપશોરે, વ્હાલા વેંકટેશ વૈકુંઠનો વાસ. શ્રીનિવા.૫

પદ ૭૩

ગઇ ગ્રીષ્મ થયું ચોમાસુ એ રાગ.

બીજું ન કશું ચિત્ત ચ્હાવું, શરણે શ્રીવરને જાવું. ટેક.

એ પ્રભુએ પેદા કીધાં, તન સાધન એણે દીધાં, તે પોતાનાં ગણી લીધાં;
એ ભૂલ, દુખોનું મૂળ, તજી બીલકુલ પ્રભુના થાવું. શરણે શ્રીવરને. ૧
જે પાપ કીધાંને કરીએ, તે નિજ બળથી નહીં હરીએ, દુઃખ દેશે જાણી ડરીએ,
તે સકળ, અતિશય પ્રબળ, થવાને અફળ ન સાધન આહાવું. શરણે. ૨
મૃત્યુ આવે છે પાસે, જાણીએ ન ક્યારે સ્હાસે, ત્યાં સુધી પશે તે થાશે,
તે માટ, રાખી ઊચ્ચાટ, અહી આ વાટ ત્વરાથી ધાવું. શરણે. ૩
મનમાં શુભ કરવા ચહીયે, પણ માયા વશ થઇ જઇયે, નિજ બળે સ્વસ્થ નવ રહીયે,

તજી માન, રાખવા ભાન, પ્રાંમવા જ્ઞાન પ્રપંનજ થાવું. શરણે. ૪
જગતો છે એ દીવસોનું, નથી સંગી તો કોઇ કોનું, આ કામ અસંખ્ય ભવોનું,
ખૂબ યાદ, રાખી દીન રાત, સમરી જગ તાત બીજુ નવ ભ્હાવું. શરણે. ૫
અનુઅન્ય નહીં બની શકશે, બીજામાં તું નહીં ટકશે, તેમ આગાં નહીં અટકશે.
પ્રભુ શરણ, એજ દુખ હરણ, નાવ ભવ તરણ, પ્રેમથી સ્હાવું. શરણે. ૬

પદ ૭૪ રાગ ઉપરનો.

લક્ષ્મીવર સૌથી સારૂં, અમે શરણું ગ્રહ્યું તમારૂ. ટેક.
જગને દુખદા સમજીને, સહુ પૂર્વ કર્મથી બ્હીને, શીર મૃત્યુથી ચેતીને.
ગણી હિત, વિચારી ચિત, ધારીને પ્રીત કરી અતી પ્યારૂં. અમે શરણું. ૧
બીજો કોઇને ન સમરીએ, નવ ઉપાય બીજા કરીએ, નવ આશા અવર કંઇ ધરીયે
પ્રિય દેવ, સદા તુજ સેવ,–તણી થીર ટેવ પાડવા ધાર્યું. અમે શરણું. ૨
પરતંત્ર આપને રહેવું, સુખ દુખજે ઘાતે સ્હેવું, એ માટે કશું ન કહેવું,
દીનરાત, પ્રીતની સાથ, ભક્તિ બહુ ભાત થવાજ વિચાર્યું. અમે શરણું. ૩
નહીં દેવ મનુષથી ડરવું, કદી નવ કોઈને કરગરવું, જગ સુખ વશ મન નવ કરવુ,
શુચી આહાર, શુદ્ધ આચાર, પવિત્ર વિચાર, વર્તને સારૂં. અમે શરણું. ૪
પાપની પાસ નવ જાઊં, વર્ણાશ્રમ ધર્મો ચાહું, ફળ વિશે નહીં લલચાઊં,
તન ધન, સરવ સાધન,–જીવ જીવને ગણું તમ સારૂં. અમે શરણું. ૫
સેવા સુખ વધતાં જાજો, એ વિણ સહુ અળગાં થાજો, હરી બાંહી બરાબર સ્હાજો
ધરી પ્યાર, અનુ જગપાર, સ્વપદ મોઝાર, લઇ જનારૂં. અમે શરણું. ૬

પદ. ૭૫

રાગ વણઝારાનો.

વ્રત આપે ઊત્તમ ધાર્યું, શરણોનું સદા સુધાર્યું;
ઊગાર્યું ખડું નિજ તાતે, સમર્યાં જ્યારે પ્રલ્હાદેરે; નરહરી રૂપ તવ ધાર્યું. વ્રત૦ ૧

વિભીષણ જ્વ શરણે આવ્યા, લંકેશ કહી બોલાવ્યા રે, નવ બીજું કશું વિચાર્યું. શ.
ગજરાજ પુકાર્યા જ્યારે, અડવાણા ધાયા ત્યારે, પળ માંહે કષ્ટ નિવાર્યું. શરણો ૩
દ્રુપદીની લજ્જા રાખી, જોતા સહી સભા તવ આખી રે, નિજ પણ પ્રેમે સંભાર્યું શ૦
શરણાનો મહીમા ભારે, શ્રુતિ સ્મૃતિ સ્પષ્ટ ઊચ્ચારે રે, અનુએ તેથી તે ધાર્યું શ૦૫

પદ ૭૬ રાગ એજ.

દીઠા મેં એક મુરારી, સરવેનાં સંકઠ હારી. ટેક.
બ્રહ્માના વેદ ચોરાયા, દુખ પામી બહુ ઘભરાયા રે, તવ લાવી દીધા અરી મારી સ.૧
પીતુ હત્યા શીવને લાગી, થાકયા જવ તેથી ભાગી રે, તવ નખથી સઘ વિદારી સ.૨
સુરને અસુરે ઘભરાવ્યા, સહુ મળી શરણ જવ આવ્યા રે, તવ પ્રકટયા થઇ અવતારી
પશુ પક્ષીને પણ પાળ્યાં, ગજગીધ તણાં દુખ ટાળ્યાં રે, જીવ માત્ર ના ઉપકારી. સ
જે માગે તેએ આપે, જે કહે તેનાં દુખ કાપે રે, અનુ તેથી સેવ સ્વીકારી. સરવે. ૫

પદ. ૭૭

રાગ આશાગોડી.

વેંકટનાથ વિના કો ન પ્રિય ગણો વેંકટનાથ વિના કો. ટેક.
એ આધારે સુખમાં જાશે, આ જનમારો આખો. ન પ્રિય. ૧
એ સમ સ્વાદ બીજે નવ ભાસે, ભલે કોટી સુખ ચાખો. ન પ્રિય ૨
એ વિણ અન્ય નકામું અંતે, મહા યત્નથી રાખો. ન પ્રિય. ૩
એ મેળવવા જગ સુખ સઘળાં, હોંશે વારી નાંખો. ન પ્રિય. ૪
સદૈવ જયહો વેંકટ સ્વામી, એમ જ મુખથી ભાખો. ન પ્રિય. ૫

પદ. ૭૮

રાગ આશાગોડી.

વેંકટ મૂરત પ્યારી લાગી મને વેંકટ મૂરત પ્યારી. ટેક.
લઘુ વેશમાં ઘણા સુખો છે, સુખકારી દુઃખહારી. લાગી મને. ૧

દુઃખી ચિત્તનું વિરામ સ્થળએ, જીવનદોરી અમારી. લાગી મને. ૨
પ્રેમ જણવવા ઊત્તમ સ્થાનક, પાવનકારી ભારી. લાગી મને. ૩
નયન માર્ગ ઊતરે અંતરમાં, વરસાવે સુધાવારી. લાગી મને ૪
અનંત સંગ ભવોભવ વસવું, જીવન આશા અમારી. લાગી મને. ૫

પદ ૭૯ રાગ બરવો.

મારા પ્યારા વેંકટનાથા, સૌના આપ સ્વામીરે, ટેક.
આ પૃથ્વી છે એક અંડમાં, એવાં અંડ અનંત;
તે સઘળામાં રાજ્ય તમારૂં, ધણી તમે ભગવંત. મારા પ્યારા. ૧
અજ શીવ દેવો એક અંડના, એવા દેવ અસંખ્ય;
તેના સ્વામી તારી આગળ, ક્યાં આ અજ શીવ રંક મારા પ્યારા. ૨
કર્તા વસ્તુ માત્ર તણા છો, દાતા સૌના આપ;
દેવી દેવ ભૂપ બનીયા તે, તારી કૃપા પ્રતાપ. મારા પ્યારા. ૩
છે પરતંત્ર સદા સૌ ત્હારે, સ્વતંત્ર તુંછે બાપ;
તું રાખે તેમ રહે સરવેનું, તારો અમીત પ્રતાપ. મારા પ્યારા. ૪
અંતે નાશ થાય સઘળાનો, રહે છે તારૂં ધામ;
અનંત તવ ભક્તોએ પામે, દૈવી સુખો તમામ. મારા પ્યારા. ૫

પદ ૮૦ રાગ બરવો.

મારા વ્હાલા વેંકટનાથા, તુજપર જાઊં વારીરે,
તુ મારો શીરછત્ર પીતાશ્રી, હું છઊં તારો બાળ;
પ્યારા પુત્ર પ્રમાણે રાખે, તું નિત્યે સંભાળ. મારા વ્હાલા. ૧
કૃતીગતી સ્હામું નહીં જોતા, કરૂણાનિધ મહાન;
રાખે તું તો સદૈવ મ્હારૂં—શુભ કરવામાં ધ્યાન. મ્હારા વ્હાલા. ૨
બબડું વંડું તોડું આશા ભૂલી છેક જવાય;

તોપણ તું કોપે ન ઝાંપી, કરૂણા જણુવે જાય. મારા. ૩
ઉપકારો તો પળે પળે તું કીધાં જાય અપાર,
કરૂણા સિંધુ તુજ ચલાવે, મારો સહુ સંસાર, મારા. ૪
સાટે શું હુ કરૂં અકિંચન, સદા ચહું તુંજ સેવ;
અનંતને તે આપ યથારથ, અન્ય તજાવી ટેવ. મારા. ૫

પદ ૮૧ રાગ પીલુ.

"લાવ સખી એને" એ દેશી.

વેંકટવરને મનમુજ વરીયું, જીવનમેં નોંછાવર કરીયું. ટેક.
અમૃત રસમય કૃપા કટાક્ષે, બુદ્ધિ ચિત સંપુરણ હરીયું વેંકટ૦ ૧
શોધ કરી સમજી સંપુરણ સ્નેહ લાવી સગપણ આદરીયું. વેંકટ૦ ૨
એના સારાપણાના અગણીત–અનુભવથી,અંતર મુજ ભરીયું.વેંકટ૦ ૩
મહાન દુખમાં એને સમરતા,તૃપ્ત કાળજું ક્ષણમાં ઠરીયુ. વેંકટ૦ ૪
અનંત એનું મુળે સંધુ, તે એનાં ચરણોમાં ધરીયું. વેંકટ૦ ૫

પદ ૮૨ રાગ પીલુ.

રામજાનકી રક્ષક જાણું, પ્રેમ અપાર ઊભયપર આણું. રામ. ટેક.
માતપીતા મળી લાડ લડાવે, શીશુ સુખો સહુ જગમાં માંણું. રામ. ૧
કર્મ ભોગવાવી લે કૃપાથી, વળતી આપે સુખનું ટાણું રામ. ૨
ચલવે એ વહેવાર બધો મુજ, હું એને મુજ સરવસ માનું. રામ. ૩
આ ભવને પરભવનું મ્હારૂં, એજ ખરૂં ને અખૂટ નાંણું, રામ. ૪
અનંત એના ગુણ અનંતછે, શું શું હું રંક તે વખાણું. રામ. ૫

પદ ૮૩ રાગ કાનરો.

કાયીક કષ્ટ પ્રભુ મહામારી, જેથી જાય ધૃતી ઝટ હારી. કાયીક. ટેક

મનનું જોર કશું નવ ચાલે, ખમવું દુખ પડે જખમારી. કાયીક. ૧
ધન વિદ્યા વગ જ્ઞાન હોયજો, તોપણ ખમવી મસ લાચારી. કાયીક. ૨
કાયાછે ત્યાં સુધી હમેશે, ભય રહેછે આવી ઓ વારી કાયીક. ૩
ભક્તિ જ્ઞાન ડુબે સહુ એમાં, એ વેદના સરવથી ન્યારી. કાયીક. ૪
કર્મ ભોગ એવા અંતુના, કાપો નાથ દયા ઊર ધારી. કાયીક. ૫

પદ ૮૪

રાગ કાનરો સીઆનો.

ત્રાહિ પ્રભુ કરૂણાઘન ત્રાહિ, કાયીક કષ્ટ ન ઘો તન માંહી. ત્રાહી. ટેક
એના ડરથી થરથર કંપુ તન મુકીને નાસું કયાંહી. ત્રાહિ. ૧
ગહાશૂર જ્ઞાની જનનું પણ જોર કશું નવ ચાલે આંહીં. ત્રાહિ. ૨
તવ કરૂણાવિણ એ દુઃખ જાવા, સાચો ઉપાય બીજો નાહી. ત્રાહિ. ૩
કર્મ ભોગના ફળથી બચવા, દેવા ઓથ તમારી સાહી. ત્રાહિ. ૪
ભવજળ પાર ઊતારો સુખમાં, ગ્રાહી અનુગ્રી શ્રીવર બાંહી. ત્રાહિ. ૫

પદ ૮૫ આશાવરી.

"પ્રારથુ" એ દેશી.

નાથ વિયોગ સદૈવ નિવારો, દોષ દીસેથી દયાળ વિસારો. નાથ. ટેક.
આપવિના સૂખ કયાંહિ દીઠું નહિં, આપ મળી સુખશાંતી વધારો. ના.૧
કેશવ કેમ કૃપા ન કરો હજી, સદ્ય વિનંતી શ્રીકંથ સ્વીકારો. નાથ. ૨
વેંકટનાથ વર્યા તમને છઉં, જાય વૃથા પ્રભુજી જનમારો. નાથ. ૩
આપ મળ્યા વિણ અન્ય ઉપાયથી, આવી નહિં શકશે દુખ આરો. ના ૪
જાણો તથાપિ જણાવું મુખે કહી, થાય દુખી બહુ અંતુ તમારો. ના. ૫

પદ ૮૬ રાગ આશાવરી.

હે ભગવંત શ્રીકંથ મુરારી, અંતરમાં પ્રકટો અઘહારી. હે ભગવંત. ટેક

અંતર અંત લગી નવ પાડો, નાથ નીરંતર લ્યો સુધ મારી. હે. ૧
હોઊં જહાં જીવ પ્રોઉં ત્યાંહાં ઝટ, ખોઉં નહિં ક્ષણ હું વિણ તારી. હે ૨
શ્વાસ સમાન પ્રકાશ રહો ઊર, પાસ વસો બનીને છબી પ્યારી. હે. ૩
પ્રીત તણા ઊભરા ઊર ઉઠે, તુટે ખુટે ન બને વ્યભીચારી. હે ભ. ૪
દોષ હરી કરૂણા કરી કેવળ, આશ પુરો અનુની સુખકારી. હે ભ. ૫

પદ ૮૭ રાગ સોરઠ.

કુબડીને જાદુ ડારા. એ દેશી.

પ્રણમુ પ્રેમે પીતુ માતા, લક્ષ્મીવર સહુ સૂખ દાતારે. પ્રણમું. ટેક.
કોટી અંડના સ્વામી કેશવ, અજ શીવ શરણે ધાતારે. પ્રણમુ. ૧
સચરાચર વ્યાપક સર્વેશ્વર, સૂખમય વિધી વિધાતારે. પ્રણમું. ૨
દેવી દેવ રૂશી મુની મંડળ, સેવ ચરણની રહાતારે. પ્રણમું. ૩
નારદ શેષ વ્યાસ શુક વાલ્મીક ગુણ ગણ નિશદીન ગાતારે. પ્રણ ૪
અનંત સ્વામી સહુ સુખધામી, નાથ નમામી ત્રાતારે. પ્રણમું. ૫

પદ ૮૮ રાગ સોરઠ.

રાખો નિત ફિકર અમારી, શ્રીવર વૈકુંઠ વીહારીરે. રાખો. ટેક.
આખા જગમાં સાચી આશા, ઇશ્વર માત્ર તમારીરે. રાખો. ૧
ચરણ કમળ કેરાં શરણાગત, રખા ભરાંસો ધારીરે. રાખો. ૨
દુષ્ટ ડુબેલાં દુખમાં કેવળ કરૂણાતણાં ભીખારીરે. રાખો. ૩
શીશ નમાવી અંજળી કરીએ, ભેટ એજછે અમારી. રાખો. ૪
એજ નિમિતથી અનંત સ્વામી, સુધારીને લ્યો સ્વીકારીરે. રાખો. ૫

પદ ૮૯ રાગ કાફી

સંભારૂં સુખકાર, શ્રીવર સૂખકર તુજને, સંભારૂ સૂખકાર. ટેક.

અનંત કોટી અંડ તણોછે, તુંજ એક ઘડનાર;
તોપણ મુજ જેવા અણુ પરપણ કેવો રાખે પ્યાર. શ્રીવર સુખ. ૧
અસંખ્ય શ્રષ્ટી ચલાવવાનો અકળીત હારો ભાર;
તેમાં પણ મુજને સંભારી, પાળે પ્રાણાધાર. શ્રીવર સુખ. ૨
સદા વસેતું અનંત અદભૂત, સુખ સાગર મોઝાર;
ત્યાંથી પણ તું શ્રવણે ધારે, મારો સઘ પુકાર. શ્રીવર સુખ. ૩
દુખના મારગ માં હું દોડું, ન કરી તુજ દરકાર;
તોપણ તું ઝટ પાછો વાળે, એવા ગુણ ભંડાર. શ્રીવર. ૪
દુખ હરતા સુખ કરતા ભરતા, ઉરે સમરતાં વાર;
આવી ઉભો રહે અનંત આગળ, ધન્ય તાત બલીહાર. શ્રીવર. ૫

પદ ૯૦ રાગ કાફી.

પ્યારા પ્રાણાધાર, કેશવ કમળા સ્વામી પ્યારા પ્રાણાધાર. ટેક
જીવ તણાછો સાચા જીવન, હૈયા કેરા હાર.
મનડાના મોંઘા માદલીયા, વારવાર બલીહાર. કેશવ કમળા. ૧
સાચાં સુખનો અખૂટ ખજાનો, વિષમ સમયની વ્હાર.
દુખમાં સદા દીલાશો ખાસો, નિત સાચો આધાર. કેશવ કમળા. ૨
ભાગ્યાના ભીરૂ ભવતારક, ભક્ત તણા ભયહાર;
પ્રણુત તણા પાલક પીતુ માતા, પવિત્ર તારો પ્યાર. કેશવ કમળા, ૩
કુલધન, કુલદૈવત કુલપાલક, ભવ્ય ભોગ્ય ભરથાર,
સાચા સાથી સાચા સ્વામી, તું સાચો દાતાર. કેશવ કમળા. ૪
નુર નયનનુ, વિલાસ મનનો, સહુ સુખનો ભંડાર;
અનંતનું સર્વ સ્વભવો ભવ, શ્રી નિવાસ સરકાર. કેશસ કમળા. ૫

પદ ૯૧

"ઓધવજી કરમનકી ગતી"

હરી તમે મ્હારા તે પક્ષ કયાં ક્યારે, કષ્ટ કોટી તુરત મટી જાશે. હરી. ટેક
સંકલ્પથી જગતને સ્રજતા, શ્રુતિ કહે ઉલ્લાસે,
બ્રહ્માદીકના કર્તા ભર્તા. રાંક અમે શું તે પાસે. હરી તમે. ૧
અસંખ્ય ખેલ અલૌકીક જગમાં, તવ કૃતિના નિત ભાસે;
એવી શકિતવાળા શ્રીવર, વસ્યા સદા ચોપાસે. હરી તમે. ૨
તેને મેં ઓળખ્યા બરાબર, છઊ તેના વિશ્વાસે;
કરૂણાસાગર શાસ્ત્ર શિષ્ટ કહે, તે કેમ વીસરી જાશે. હરી તમે. ૪
શું સર્વજ્ઞને કરીએ સૂચના, શ્રેય થવાની આશે;
અનંત અમે છીએ શરણાગત, દુખીયાં સ્વઆળ ક્યારે. હરી તમે. ૫

પદ ૯૨ રાગ ઉપરનો.

હરી અમે હાથ જોડીને એ કહીએ, તારા ચરણને શરણે છઇએ. હરી. ટેક.
આ તન માંહે તમે મોકલ્યાં, રાખો ત્યાં લગી રહીએ;
સૂખ દુખ માત્ર તણાં દેનારા, જે આપો તે સહીએ. હરી અમે. ૧
જેવી બુદ્ધિ તમે સૂઝાડો, તેવું ચિતમાં ચહીએ;
શક્તિ સાધન જેવાં આપો, તેવાં કરતા થઇએ. હરી અમે. ૨
સહુ વાતે પરતંત્ર છતાં પણ, ભૂલી ભાર શીર વહીએ;
માર પડે છે તેથી માટે, ઓથ તમારી લઇએ. હરી અમે. ૩
આપ સુધારો એવું મનકે, ધ્યાંન બીજે નવ દઇએ;
રાત દિવસ તન મન સાધનથી, તવ સેવન સુખ લઇએ. હરી અમે. ૪
સમજ્યા છતાં ન કંઇ સચવાયું, અધિક દુખમાં જઇએ;
તારો અનંતપતિ ઝટ આવી, અમે ગમે ત્યાં હઇએ. હરી અમે. ૫

પદ ૯૩ રાગ ઉપરનો.

સુતી વેળા તારૂં સ્મરણ કરૂં હેવા, કરૂં નમન ગાન એજ સેવા.સુતી ટેક.
કુથલી માંહે દિવસ સહુ કાઢયો, છોભા નથી ભુંડા હેવા;
તો પણ પાળ્યો ને રક્ષ્યો, હા ! કરૂણાનુ કેવા. સુતી વેળા. ૧
અતિ ઉપકાર કર્યાને કરો છે, કરશો હજી બહુ એવા;
બાપ બરાબર લાડ લડાવો, આપો માગ્યા મીઠા મેવા.સુતી વેળા. ૨
સાચો છે સંબંધજ તારો, જન તો મુસાફર જેવા;
મીઠો અમૃતથી પણ અધીકો, ગુણ ગણુ તારા તેવા. સુધી વેળા. ૩
પ્રકટ પૂર્ણ થા ઉર આ ઠાંણે, ધ્યાને બરાબર લેવા;
અનંત ચાહું અનંત કાળ હું, એ અનુભવમાં રહેવા. સુતીવેળા. ૫

પદ ૯૪ રાગ ઉપરનો.

હરી આજે આવજે સ્વપ્નમાં મ્હારા, કૃપા કરજે પ્રભુ ઘણા પ્યારા.હરી ટેક
ભક્તિ નથી એવી મારી પ્રબળકે, નીરખી શકું નેત્ર દ્વારા;
આ મારગ એ માટે ઉત્તમ, લાગો મને દયા ધારા. હરી. ૧
શ્રવણે સુણ્યા તમે છો સુંદર, મનહર કામણગારા;
અનુભવમાં આવો અલબેલા, સુખના સૌથી સારા. હરી. ૨
સંભારી સુઊંતો એગ નોરથ, પૂર્ણ થતા નથી મ્હારા;
અંતરના એ ઊગળકા સંપૂરણ, થાશે નહિ વીના વારા. હરી. ૩
ગાંડા ઘેલા સ્વપ્નાના ગોટાળા, ઊડેછે નિત્યે નઠારા;
તારી આશ સારે એ ઉપજતાં, લાગે મને ઘણા ખારા. હરી. ૪
કૃપા કરો સુતેલ શીશુપર, કેડો કરૂણા ધારા;
અનુને આપો નિત્ય અનુભવ, નૌતમ ન્યારા ન્યારા. હરી. ૫

પદ ૯૫

હમકુ છોડ ચલે બન માધુ. એ રાગ.

હે જગદીશ્વર સુખકર શ્રીવર, દેવાધિ દેવ પ્રભુ હરીરે;
સંભારી સુખકારી સુરત, કરીએ સ્તુતિ ચામે ફગરીરે. હે જગ. ૧
શું નિર્બળતાનું વિચારીએ, ઘડી ઘડી મતિ જાય ફરીરે;
ભજ કરવામાં કુસંગ આવે, જ્યાએ છેક તને વીસરીરે હે જગ. ૨
શરીર સગાં સંબંધી માટે, મથીએ મોટો મોહ ધરીરે.
માંદાં પડે, લઢે વીછડે તર, દુખ ખમીએ ઊર શોચ કરીરે. હે જગ. ૩
ધન માટે અનેક ધીરસથી, મહેનત કરીએ મરી મરીરે;
મળે તેમ વધુ માટે મથીએ, જાય તદા દુખ થાય ફરીરે. હે જગ. ૩
અર્ચન કરતાં આવે આળસ શુદ્ધાચાર પળે ન જરીરે;
ભજ કરતાં આંચકો ન ખાતાં, એ ટેવોછે ખરેખરીરે. હે જગ. ૪
પરિણામો વેઠીએ સમજીએ, તોપણ નવ શકીએ સુધરીરે;
માટે તારી મદદ માગીએ, અનંત અનંત નમન કરીરે. હે જગ. ૫

પદ ૯૬ રાગ એજ.

અનાથનાથ અરજ ઊર ધારો કરગર કરીએ શરણ ગ્રહીરે;
સરવ પ્રકારે સઘ સુધારો, તારો ભવજળ બાંહી ગ્રહીરે. અનાથ. ટેક
કામતણે વશ થઇએ ત્યારે, પાપ પૂરે મન જાય વહીરે;
સમજણ કંઈ પણ કામ ન આવે, એ સંકટ અકથ ગ્રહીરે. અ. ૧
ક્રોધ છુટે તવ બુદ્ધિ બુડે, હિત અહિતે સમજાય નહીરે;
બળે જીવ બાળે બીજાનો, પરતાનું પરિણામ ગહીરે. અનાથ. ૨
લોભ વિષે લપટાનો પાતો, કુટાતો રહું આવી તહીંરે;
મળે ઘાણું પણ તૃપ્ત ન થાતો, મ્હાતો અધિક અધીક ચહીરે. અ. ૩
દ્વેષ વિના કારણ ઊર બાળે, એ કુટેવ કરી મૂળ રહીરે;

ગાન તણું તોફાન નડે બહુ, કુંપની વૃત્તિ ન ગઇરે. અનાથ. ૪
મમતાથી મોકાણ જોઇએ, સ્નેહ દુઃખનું મૂળ સહીરે;
સહુ અઘનું કારણ અનુ પોતે, દોષ બીજે નવ શકું દઇરે. અના. ૫

પદ ૯૭ રાગ ઉપરનો.

હે કમળાપતિ સંકટ હારી, સંકટ છે જગમાં ભારીરે;
તેથી બની રહે લાચારી, તે સરવે દ્યો સંહારીરે. હે કમળા. ટેક.
પાપ કર્યાને કરીએ તેનાં ફળ સઘળાંએ દુખકારીરે;
પણ વેઠતાં થાય બહુ વસમું, હાય છેક જઇએ હારીરે. હે કમ. ૧
સમજ્યા છતાં નથી રાચવાનું, બની રહે કુકૃતિ જારીરે;
ફળ પણ તેનું નથી ખમાતું, એક રીતે છે લાચારીરે હે કમળા. ૨
મનનાં દુખ મુઝવી નાંખતાં, મતિ જાય પળમાં હારી;
તન દુખથી તો ત્રાહિ ત્રાહિ છે, દયા કરો એ દીન ધારીરે હે. ૩
અનાદિ કઠોલું કારજ, સ્વબળે ન શક્યો સુધારીરે;
ઓછું થયાં જાય આવરદા, નવ દીસે છુટક બારીરે. હે કમળા. ૪
માટે શરણ થયો હે માધવ, ત્રાહિ ત્રાહી મુખ પુકારીરે;
એ બ્હાનાથી અનંત સ્વામી, બાંહિ ગ્રહી લ્યો ઉગારીરે હે કમ. ૫

પદ ૯૮ રાગ ઉપરનો.

રક્ષક માત્ર રમાવર તું છે, સાચો સંગી સૂખદાઇરે;
અન્ય બધાંની પ્રીતી જુઠી, અનુભવ થાતાં સમજાઇરે. રક્ષક. ટેક.
માત પિતા વ્હાલા સુત મુકી, મરી જતાં દુખી દીસ માંહી;
પતિ ગયા બહુ પ્રિયા તજીને, રોતી નાર રખડે આંહીરે. રક્ષક. ૧
સંસારી જન સરવ સ્વારથી, સ્વાર્થ લગી નીજ સગાઇરે,
વિના સ્વાર્થ પણ ખરા સંકટે, સ્હાય બની ન સકે કાંઇરે. રક્ષક. ૨

સડે પથારીમાં પડી માંદા, ફરે ધીમો જવ રંડાઇરે;
તેથી દુખ લઇ શકે ન કોઇએ, ગરી મયેલો ચિત્ત ચાહીરે. રક્ષક. ૩
આજ શીતને પણ સંકટ આવે, ત્યારે ઝાલે તું બાંહીરે;
સહુની પીડા સરવ રીતની, હણી શકે તું ક્ષણ માંહ્યરે. રક્ષક. ૪
દેવ મનુષ પશુ પક્ષી સહુને શરણો છે તું સુખદાઇરે.
અનંત તાત પતી પ્રભુ પ્રણમું, કહું એજ પાહિ પાહિરે. રક્ષક. ૫

પદ ૯૯ રાગ.

કૃતિ રહ્યામું પ્રભુ કદી નવ જુઓરે. એ રાગ.

આપો બીજ અયોગ્ય ઠર્યો, શા મુખે હવે હું તને કહું રે;
પગમાં વિકળ બનું છતે બળીફળ, બા વગાળગાં પદે શું વળગી રહુરે. આ. ૧
જાણ્યો તને ન માન્યો તેવો, ગણ્યા છતાં સુખ સાગર ન સુખ લહુરે. આ. ૨
તું તુજ સેવતણાં સુખ આપે, તજી તેને તોએ જગતને વધુ ચહુરે. આ. ૩
નિજ કૃતિ વડે કષ્ટ ઉપજાવી, છતાં સુખે થઇ દુખી દુખ બહુ સહુરે. આ. ૪
આવું લાચાર દુખી મહા દોષી, મુખ નીચું કરી હરી તુજ પદ ગ્રહુરે. આ. ૫

પદ ૧૦૦ રાગ એજ.

તારી વડાઇ વડેજ હરી મને પ્યારો પરાંણે પણ કરરે. ટેક.
બહુ શ્રમ લઇ સુત તાત સુધારે, તેમ તુંજ કુટેવ મારી સહુ હરરે. તા. ૧
દુખ સહીને પણ પતિ નીભાવે, તેમ તું ભક્તિ મુજ ઉર ભરરે. તા. ૨
શરણ શત્રુને શૂર બચાવે, તેમ તું ઝટ મુજતે નિર ભરરે. તા. ૩
જગ જનથી તું ગુણી વધારે, આવું માટે આવું શું કગંગ ધારરે. તા. ૪

પદ ૧૦૧ રાગ એજ.

સુણી દાસ દાસની વિનતીરે, મનોવાંછા કરે બીનતિરે સ્વામી. ટેક.

મનને નિજ પદમાંથીર આડો, નવ રહે ક્ષણુ ભમતિ મતિરે. વસો ૧
કામ ક્રોધ ગઈ મોહ મચાડો, રહે સદૈવ શાંતિ ચિત્ત પ્રતિરે. વસો. ૨
આવજો ધંધેથી અટકાવો, નવ નડે પૂર્વની કુકૃતિરે. વસો ૩
ભક્તિને રસ્તે વળગાડો, નિજ કલ્યાણુ આપાવો શીગતિરે. વસો. ૪
ધન વૈભવ સંતતિ ન ચહીએ, અનુ ચહીએ તવ ચરણુ રતીરે. વસો. ૫

પદ ૧૦૨ રાગ માઢ.

જય જય આસુગરી, સુર સુખકારી. દેવ મુરારી હે;
જય દેવ મુરારી હે, પચાયુધ ધારી હે. જય જય૦ ટેક.

બાળકની સંભાળ રાખજો, પ્રિય ઉપકારી હે;
ટાળક રહેજો સહુ વિપતીના, કરૂણા ધારી હે જય જય૦ ૧

દયોછો સુખ દીનરાત દયાથી, ઇશ અમારી હે;
એજ રીતે કૃપા કીધાં કરજો, વાંક વીસારી રે. જય જય૦ ૨

ભુંડી ટેવો અમથી નથી ટળતી, મહા અપકારીરે;
તે સૌ ભુલાવો સુસંગત રાખી, વૃતી સુધારીરે. જય જય૦ ૩

કષ્ટ અનેક દેખીને જાણુએ, હીમત હારીરે;
ધીર આપી સુખીનું સૌએ કાઢી દેજો વિદારીરે. જય જય૦ ૪

સર્વ વાતેથી અમારે ગાવી, છેજ લાચારીરે;
અનંત આશને ઓથ છે અમને, માત્ર તમારી રે. જય જય૦ ૫

પદ ૧૦૩ રાગ માઢ.

નમું શ્રીવર વ્હાલા, પરમ કૃપાલા, શીશ નમાવીરે;
નમું શીશ નમાવીરે, છબી ઉર માંહી લાવીરે નમું શ્રીવર ટેક.
દેવ રૂષી મુનિ સરવે નમતા શરણે આવીરે;

આપ પ્રમાન વડાઇ નકોની, શાસ્ત્રે ઠરાવીરે. નમું શ્રીવર. ૧
સૌને સઘળું દીધું આપે. કરણા લાવીરે;
સૌના દોષ સહીને હ્યોછો આપ નીભાવીરે. નમું શ્રીવર. ૨
આવાં અસંખ્ય બ્રહ્માંડ રમતમાં હો ઉપજાવીરે;
કોટી બ્રહ્મા શીવના પતી કીર્તી છે તુજ ચાવીરે. નમું શ્રીવર. ૩
જેવો મોટો મહિમા તેવી છબી ગન ભાવીરે;
ગુણ તેવા મંગલ ગય અગણિત, રાખ્યા ફેલાવીરે નમું શ્રીવર. ૪
એ સૌ જાણી, પ્રીતી આંણી, શ્રદ્ધા લાવીરે;
અનંત યત્ન મુકીને વળગ્યાં, ચરણે આવીરે. નમું શ્રીવર. ૫

પદ ૧૦૪ રાગ માઢ.

સુતાં સ્નેહે સંભારૂં, ધ્યાનહુ ધારૂં મંગલ કારીહે;
હરી મંગલ કારીહે, રગાવર પર ઉપકારી હે સુતાં. ટેક.
જગમાં સૌથી ખાબર ત્હારી, મુરતી પ્યારીરે;
તે હું નખ સીખ અંતર માંહે, લેઉ ઉતારીરે. સુતાં ૧
શક્તિ તારી ભારીથી શ્રદ્ધા વિસ્તારીરે;
તેજ વસ્યા અંતરમાં આવી, કરુણા ધારીરે. સુતાં ૨
ગુણ ગણ તારા ગણતાં જાતી શ્રુતિયો હારીરે;
લાભ લેતા તેનો દીન રાતે, સહુ નરનારીરે. સુતાં ૩
લાડકું બાળ ગણીને લેછે, સુખ નિત મ્હારીરે;
એ સંભારી અનુ હું પ્રણમું. પ્રીતી ધારીરે. સુતાં ૩

પદ ૧૦૫ રાગ માઢ.

અપરાધ અમારા, અગાધ્યારા, ના સંભારોરે;

છીએ છેક નઠારા, તોએ તમારા, સેવક ધારોરે. અપરાધ. ટેક
જેવા મોટા મનના ચક્કરો, સંસાર અગારેરે;
તેવા મોટા મનના ગાથવ, વાંક વિસારોરે. અપરાધ. ૧
દોષો વિચારો તો નહિં આવે, દુઃખનો આરોરે;
આણી કરૂણા દુખ હરીએગી, આપજ તારોરે. અપરાધ. ૨
વૃત્તીયો ઉપર રાખો બરાબર, હાથ તમારોરે;
પ્રેમ ભરે પ્રકટાવો પૂરણ, વિઘ્ન વિદારોરે; અપરાધ. ૩
અનંતની કૃતયોને મતીમાં કરી ધારોરે,
સેવ કરાવી લઈ સહુ રીતે, અંતે સ્વીકારોરે. અપરાધ. ૪

પદ ૧૦૬ રાગ કલ્યાણ " પ્રેમસભાનો " એ દેશી.

શ્રી નિવાસહે ચિતધામ એ ચહે વૃત્તિ ભક્તિ યુક્ત, શાંતી સર્વદા રહે. ટેક.
વિના ચહે પણ ચિતમાં ઊડે, કુતર્ક આપો આપ;
બાગબાંનથી નડેછે તેથી, મુજને મારાં પાપ શ્રી નિવાસ હે. ૧
ક્ષમા કરો એ અપરાધો મુજ, માગું જોડી હાથ;
શરણ પડયો સહુ ઉપાય છોડી, ત્રુઠો દીનાનાથ. શ્રી નિવાસ હે. ૨
વિષવિષ વિષયો મળી ભમાવે, મન છે નિર્બળ છેક;
આપ વિના મારાથી નહી રહે, સુદ્રઢ ભરે સુવિવેક. શ્રી નિવાસ. ૩
પૂર્વ કર્મના ભોગ થકી તો, પામું છું હું ત્રાસ;
નમી નમીને માગું એક, કરો તેમનો નાશ. શ્રી નિવાસ. ૪
તન મનના તપનો કરમરતો, દુખીઓ છઉં હું ઈશ;
કૃપા જયે હારો સંતોષો, અનંતને જગદીશ. શ્રી નિવાસ. ૫

પદ ૧૦૭

રાગ કલ્યાણ એજ દેશી.

શું કરૂં સ્તુતિ, નવ મહોંમતી મતી, કૃપા કરો વેંકટેશ [illegible].ટેક.

[illegible] સર્વજ્ઞ આપને જાણુઉં મારૂં ચિત;
કૃપા કરી મુજ હાલન દેખી, આપો સત્ય પ્રતીત. શું કરૂં સ્તુતિ. ૧
મહા દયાળુ માની હું, જણાવું દુઃખ સંતાપ;
નિજ દોષે પણ દુખી રહું છું, નજર કરો માબાપ. શું કરૂં સ્તુતિ. ૨
જગકર્તા ધાર્યું કરવામાં, તમને કશી ન વાર;
મારાં પાપ સમસ્ત પ્રજાળો, કરી કૃપાને પ્યાર. શું કરૂં સ્તુતિ. ૩
ક્ષમા તણા દરીયામાં મારા, દોષ ડુબાવો સર્વ;
ચરણ શરણ આવ્યો છું સ્વામી! છોડી મમતા ગર્વ. શું કરૂં સ્તુતિ. ૪
શ્રી નિવાસ નિજ જન ગાઠે છે, તવ ગુણ ગણ કલ્યાણ;
અનંતને તે સહુ અનંતની, આપો અનંત લ્હાણ. શું કરૂં સ્તુતિ. ૫

પદ. ૧૦૮

રાગ કલ્યાણ. અષ્ટપદી.

હે ગુણ સાગર તારા ગુણ ગણ શું શું હું સંભારૂં;
સંભારૂં સંભારૂં તેમજ પાર ન પામી હારૂં. હે ગુણસાગર. ટેક.
કરી અપ ગમાન, હું એક ભાન, થયો સાધન મતિ હિણ જડ સમાન;
તવ કરૂણા કરી કરૂણા નિધાન, તમે દીધું મનુષ્ય તન મુલ્યવાન.
જોયા કરી તવ સેવા સકળ વિઘ્ન સમસ્ત પાપ નિવારૂં. હે ગુણ. ૧
તારૂં તમામ ને તારે કામ-પામ્યો, આ તન ધન અને ધામ,
તે ભલાં થયો હું ભુણ હરામ, મારૂં ગણી માણ્યું આઠું જામ,
તોએ ન કોપો ધન્ય નાથ છે મન મોટું જ તમારૂં. હે ગુણસાગર. ૨
છે તુજ પ્રતાપ, અતિ સુખ અમાપ, એ વીસરી ભીલકું કરૂં પાપ,
ભુલું છું તમને છેક બાપ, તો પણ આપ્યા નવ કરો આપ,
રક્ષણ પોષણ કીધાં જાઓ છો નિત્ય તમે તો મ્હારૂં. હે ગુણસાગર. ૩
હું ચહું નિત્ય વિપરીત રીત, તો પણ નથી તજતા તમે પ્રીત,
[illegible] કરો છો હીત અહીત, પ્રકટાવ્યાં શ્રદ્ધા ભક્તિ ચિત,

કળા વિના પણ કયા જાઓ છો હીત કુંજ ન્યારૂં ન્યારૂં. હે ગુણ.
હે સુંદર શ્યામ હું આપ ધામ, સેવા ન કરી સોંપું કામ,
તે પણ કરતા તગે તમામ, દુઃખમાં ધોછો દીલને હમ,
ઠામે ઠામે કામે કામે કરતા સારૂં સારૂં હે ગુણસાગર. ૫
હે જગદાધાર, થઇ લાચાર, જ્યારે જ્યારે કરૂં પુકાર,
ત્યારે ત્યારે કરતા વ્હાર. કદી ન કરતા વાર લગાર,
એન વખતમાં આંન જાળવો એને કેમ વિસારૂં. હે ગુણસાગર. ૬
હે જગનારાય, જગની માયા, ક્ષણ ક્ષણ મારી મતી બદલાય,
તો પણ તારી કૃપા સહાય, એકજ રાખી પ્રભુ જણાય,
કદીજ કોપ ન ધરતા કરતા નથી કદીજ નઠારૂં. હે ગુણસાગર. ૭
હે લક્ષ્મીનાથ, દીનને સાથ, લાડ લડાવો છો બહુ ભાત,
સેવા કરાવો છો ગ્રહી હાથ, કીધાં અમને ખરે સનાથ,
એ વિચાર અંતરમાં આણી, અનંત તન મન વારૂં. હે ગુણસાગર. ૮

આરતી.

જયદેવ જયદેવ જય આરતબંધુ જય આરતજન બંધુ;
આરતી આરત ભાવે કહીએ સુખ સિંધુ જયદેવ જયદેવ. ટેક.
પહેલી આરત એજ, આજ્ઞા સર્વ પળે (૨)
વર્ણાશ્રમ ધર્મોમાં, ચિત્ત ન ક્ષણે ચળે. જયદેવ જયદેવ. ૧
બીજી આરત એજ જ્ઞાંન બન્યું રાખો (૨)
દાસ પણું નવ પળ પણ, વિસરાવી નાંખો. જયદેવ જયદેવ. ૨
ત્રીજી આરત એજ, ઉર વૈરાગ્ય ભરો (૨)
જગના વિષયોને વશ, હરી જરીએ ન કરો. જયદેવ જયદેવ. ૩
ચોથી આરત એજ, ભક્તિ ભરો ચિત્તે (૨)
રહી સકીએ નહી તમ વિણ, જળ મીનની રીતે. જયદેવ જયદેવ. ૪
છેલ્લી આરત એજ, સેવા દ્યો ખાસી (૨)
અખંડ એમાં રાખો, ભાનુપતિ અવિનાશી. જયદેવ જયદેવ. ૫

શ્રીહરી.